dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 123 | AD - 2026, Maha Sud - 07 | Sunday, Dt. 08-02-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ભારત અને અમેરિકા વચ્ચે રૂ.૨૫૦૦ લાખ કરોડ રૂપિયાના માર્કેટના દ્વાર ખુલશે

# અમેરિકાએ ભારત પર નાખેલો વધારાનો ટેરિફ હટાવ્યો, ઐતહાસિક ટ્રેડ કરાર ફાઈનલ

ન્યુ દિલ્હી,તા.૦૭

વૈશ્વિક અર્થતંત્રના માળખે ભારતે એક એવી 'માસ્ટરસ્ટ્રોક' ગેમ રમી છે કે ડ્રેગન (ચીન) જોતું જ રહી ગયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની સીધી વાતચીત બાદ ભારત અને અમેરિકા વચ્ચે $૩૦ ટ્રિલિયન (આશરે રૂ.૨૫૦૦ લાખ કરોડ)ના માર્કેટનું દ્વાર ખોલતો ઐતિહાસિક ટ્રેડ કરાર ફાઈનલ થઈ ગયો છે. આ સમજૂતી હેઠળ અમેરિકાએ ભારતીય સામાન પરના ટેરિફ (આયાત ડ્યૂટી)ને ૫૦%થી ઘટાડીને સીધો ૧૮% કરી નાખ્યો છે, જે ચીન સામે ભારતને બજારમાં બમણી મજબૂતી આપશે. આ ડીલ માત્ર આંકડાઓની માયાજાળ નથી, પરંતુ ભારતને ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાની દિશામાં સૌથી મોટું પગલું છે. જ્યારે ચીન પર અમેરિકા દ્વારા આકરા પ્રતિબંધો મુકાઈ રહ્યા છે, ત્યારે ભારતે કુનેહપૂર્વક રશિયા પાસેથી તેલ ખરીદવાની શરતોમાં ફેરફાર કરીને અમેરિકા સાથે $૫૦૦ અબજના વેપારનું નવું ફ્રેમવર્ક તૈયાર કરી લીધું છે. આ સમજૂતીથી ભારતના ખેડૂતો, એમએસએમઈ (MSMEs) અને ટેક્સટાઈલ જેવાં ક્ષેત્રો માટે અમેરિકાના સમૃદ્ધ બજારમાં એન્ટ્રી લેવી હવે સાવ સરળ બનશે. શુક્રવારે બંને દેશો વચ્ચે વચગાળાના વેપાર કરાર (ITA)નું એક માળખું બહાર પાડ્યું. આ અંતર્ગત ભારતીય સામાન પર અમેરિકાનો ટેક્સ ૫૦% ઘટાડીને ૧૮% કરવામાં આવ્યો છે. રશિયા પાસેથી ઓઈલ ખરીદવા બદલ ભારત પર લાદવામાં આવેલો ૨૫% વધારાનો ટેક્સ પણ હટાવી લેવામાં



આવ્યો છે. બંને દેશોએ જણાવ્યું કે આ માળખું જલદી લાગુ કરવામાં આવશે અને વ્યાપક દ્વિપક્ષીય વેપાર કરાર (BTA)ની દિશામાં વાતચીત આગળ વધશે. ભારત-અમેરિકાના સંયુક્ત નિવેદન મુજબ, આ માળખું ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ શરૂ થયેલી ભારત-અમેરિકા BTA વાટાઘાટોને આગળ વધારશે. આ કરારમાં આગળ જતાં બજાર પહોંચ, સપ્લાય ચેઈનને મજબૂત કરવા અને વેપાર અવરોધો ઘટાડવા જેવી જોગવાઈઓ સામેલ હશે. આ અંતર્ગત ભારત અમેરિકન ઔદ્યોગિક વસ્તુઓ પરના તમામ ટેરિફ સમાપ્ત કરશે અથવા ઘટાડશે.


### ખેડૂતો અને ડેરી ખેડૂતોના હિતનું રક્ષણ : વાણિજ્ય મંત્રી

વ્હાઇટ હાઉસે શનિવારે (૭ ફેબ્રુઆરી) મોડી રાત્રે જાહેરાત કરી કે અમેરિકા અને ભારતે એકબીજા માટે ફાયદાકારક ટ્રેડ પર એક વચગાળાની સમજૂતી માટે એક ફ્રેમવર્ક પર મહોર લગાવી છે. આ ફ્રેમવર્ક બંને દેશો વચ્ચે લગભગ એક વર્ષની વાતચીત બાદ એક સત્તાવાર સફળતા છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયૂષ ગોયલે ભારત-અમેરિકા ટ્રેડ ડીલ પર પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેમણે જણાવ્યું કે, 'ખેડૂતો-ડેરીના હિતને સુરક્ષિત રખાયા છે. ખેડૂતો અને ડેરી ખેડૂતોના હિતોનું રક્ષણ કરવામાં આવ્યું છે, ૩૦ ટ્રિલિયન ડોલરનું યુએસ બજાર ભારતીય નિકાસકારો માટે ખુલ્લું છે. રત્નો, હીરા, ફાર્માસ્યુટિક્લ્સ અને ભારતમાં બનેલા સ્માર્ટફોન પર ૦% ડ્યુટી લાગશે.

# બીએમસીના મેયર પદે રીતુ તાવડે ભાજપના ઉમેદવાર, ડે.મેયર પદ શિવસેનાને મળશે

મુંબઈ,તા.૦૭

મુંબઈમાં મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી માટે ભાજપ અને શિવસેનાએ પોતાના ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. ભાજપે રિતુ તાવડેને મેયર પદના ઉમેદવાર બનાવ્યા છે, જ્યારે શિવસેનાએ સંજય ઘાડીને ડેપ્યુટી મેયર પદ માટે પસંદ કર્યા છે. ઉમેદવારોના નામ ફાઈનલ થયા બાદ હવે ચૂંટણી અધિકારી સમક્ષ મેયર પદ માટે ઉમેદવારી નોંધાવવામાં આવશે. ત્યારબાદ ૧૧ ફેબ્રુઆરીના રોજ બપોરે ૧૨ વાગ્યે મેયરની ચૂંટણી



યોજાશે. શિવસેના ઠાકરે જૂથ પણ મેયર પદ માટે ઉમેદવાર ઊભો રાખી શકે છે. ભાજપ નેતા અમિત સાટમે રિતુ તાવડેનું નામ જાહેર કર્યું. તાવડે વોર્ડ ૧૩૨ના કોર્પોરેટર છે. રિતુ પ્રથમ વખત ૨૦૧૨માં વોર્ડ નંબર ૧૨૭માંથી



કોર્પોરેટર તરીકે ચૂંટાયા હતા. ૨૦૧૭માં ઘાટકોપરના વોર્ડ નંબર ૧૨૧માંથી કોર્પોરેટર બન્યા હતા. તેઓ અગાઉ મુંબઈ મહાનગરપાલિકાની શિક્ષણ સમિતિના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. શિવસેનાના સચિવ સંજય મોરેએ જણાવ્યું હતું કે ઘાડી આગામી ૧૫ મહિના સુધી ડેપ્યુટી મેયર તરીકે કામ કરશે. ઘાડી અગાઉ શિવસેના (UBT) ના વરિષ્ઠ કોર્પોરેટર હતા. બાદમાં તેઓ એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેનામાં જોડાયા. શિવસેનાએ ડિપ્ટી મેયરનું પદ ચાર ભાગમાં વહેંચીને ચાર અલગ-અલગ કાઉન્સિલરોને તક આપવાનો નિર્ણય કર્યો છે. આ પગલું પાર્ટીની અંદર બેલેન્સ જાળવી રાખવા અને વરિષ્ઠ નેતાઓને તક આપવા માટે લેવામાં આવ્યું છે.

# પીએમ મોદી ૧૦ વર્ષ બાદ મલેશિયાના પ્રવાસે, દ્વિપક્ષીય વાતચીત કરી સંબંધો મજબૂત બનાવશે

ન્યુ દિલ્હી,તા.૦૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૭ ફેબ્રુઆરીના રોજ બે દિવસના મલેશિયા પ્રવાસે રવાના થયા હતા. આ પ્રવાસ મલેશિયાના વડાપ્રધાન દાતો સેરી અનવર ઈબ્રાહિમના આમંત્રણ પર થઈ રહ્યો છે. વિદેશ મંત્રાલયના સચિવ પી. કુમરને જણાવ્યું કે આ પ્રવાસ ભારતના આસિયાન દેશો સાથેના સંબંધોને વધુ મજબૂત કરવા અને મલેશિયા સાથે સહયોગ વધારવા માટે મહત્વપૂર્ણ છે. તેમણે એ પણ



જણાવ્યું કે આ યાત્રામાં ૧૦ વર્ષથી મલેશિયામાં રહી રહેલા ભાગેડુ ઝાકિર નાઈકના મુદ્દા પર પણ ચર્ચા થશે. ભારત આ પહેલા પણ અલગ-અલગ પ્રસંગોએ આ મામલો ઉઠાવી ચૂક્યું છે. વડાપ્રધાન મોદીની આ યાત્રા દરમિયાન ૮ ફેબ્રુઆરીના રોજ ભારત-મલેશિયા સીઈઓ ફોરમની ૧૦મી બેઠક પણ કુઆલાલંપુરમાં યોજાશે. આ ઉપરાંત વડાપ્રધાન મલેશિયાના મોટા ઉદ્યોગપતિઓ અને વેપારી નેતાઓ સાથે પણ મુલાકાત કરશે. મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદી અને મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ દ્વિપક્ષીય વાતચીત કરશે.

આ દરમિયાન બંને દેશો જોશે કે ભારત અને મલેશિયા વચ્ચે બનેલી 'કોમ્પ્રિહેન્સિવ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ'માં અત્યાર સુધી કેટલો વિકાસ થયો છે અને આગળ શું કરી શકાય છે.

### બસ ઉભી રહેતા લઘુશંકા કરવા ઉતરેલા મુસાફરો પર કન્ટેનર કાળ બનીને ત્રાટક્યું

# મથુરામાં યમુના એક્સપ્રેસ-વે પર કન્ટેનરે મુસાફરોને કચડ્યા : ૬ના મોત

મથુરા,તા.૦૭

મથુરામાં યમુના એક્સપ્રેસ-વે પર સ્લીપર બસમાંથી ઉતરીને ઉભેલા મુસાફરોને પુરપાટ ઝડપે જઈ રહેલા એક કન્ટેનરે કચડી નાખ્યા. આ અકસ્માતમાં ૬ લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતા. એક ગંભીર રીતે ઘાયલ છે. આ ઘટના ગઈ મોડી રાત્રે ૨.૪૫ વાગ્યે બની હતી. મળતી માહિતી મુજબ, બસ દિલ્હીના નાગલોઈથી કાનપુર દેહાતના રસૂલાબાદ જઈ રહી હતી. રસ્તામાં કેટલાક મુસાફરોએ ડ્રાઈવરને લઘુશંકા કરવા જવા માટે બસ રોકવા કહ્યું. ડ્રાઈવરે ગ્રીન ઝોન (સુરક્ષિત વિસ્તાર)ને બદલે રસ્તામાં જ બસ રોકી દીધી હતી. કેટલાક મુસાફરો બસમાંથી ઉતરીને નીચે ઉભા હતા, ત્યારે પાછળથી આવી રહેલા કન્ટેનરે પહેલા બસને ટક્કર મારી, પછી મુસાફરોને કચડી નાખ્યા. કન્ટેનરનો ડ્રાઈવર



ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો. અકસ્માત બાદ ચીસાચીસ મચી ગઈ હતી. હાઈવે પર મૃતદેહો પડેલા હતા. કેટલાક મુસાફરોના ચહેરા ખરાબ રીતે કચડાયેલા હતા, જેના કારણે તેમને ઓળખવા મુશ્કેલ બન્યા હતા. સંબંધીઓએ તેમના સ્વેટર અને કપડાં પરથી તેમને ઓળખી કાઢ્યા. ઘટનાસ્થળે લાંબો ટ્રાફિક જામ થઈ ગયો. પસાર થતા લોકોએ પોલીસને જાણ કરી હતી. ત્યારબાદ પોલીસે ઘાયલોને એમ્બ્યુલન્સ દ્વારા નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા. આ અકસ્માત સુરીર પોલીસ સ્ટેશન વિસ્તારમાં માઈલ સ્ટોન-૮૮ પાસે થયો હતો. આ દરમિયાન CM યોગીએ અકસ્માતની નોંધ લીધી છે. તેમણે પીડિત પરિવારોને સાંત્વના આપી અને હિંમત રાખવા અપીલ કરી હતી. મુખ્યમંત્રીએ અધિકારીઓને તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને રાહત કાર્યોમાં ઝડપ લાવવાનો નિર્દેશ આપ્યો હતો.


# બિહારના પૂર્ણિયાના અપક્ષ સાંસદ પપ્પુ યાદવની ૩૧ વર્ષ જુના કેસમાં ધરપકડ

પૂર્ણિયા,તા.૦૭

બિહારની પટના પોલીસે શુક્રવારે મોડી રાત્રે ૧૨ વાગ્યે પૂર્ણિયાના અપક્ષ સાંસદ રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવની તેમના નિવાસસ્થાનેથી ધરપકડ કરી છે. પોલીસે ૩૧ વર્ષ જૂના કેસમાં સાંસદ વિરુદ્ધ કાર્યવાહી કરી છે. તેમના પર ભાડાના મકાન પર કબજો કરવાનો આરોપ છે. પોલીસની ટીમ શુક્રવારે મોડી સાંજે પપ્પુ યાદવના પટનાના



મંદિરી સ્થિત નિવાસસ્થાને ધરપકડ કરવા પહોંચી હતી. આ દરમિયાન લગભગ ૩ કલાક સુધી હાઈ-વોલ્ટેજ ડ્રામા ચાલ્યો. પહેલા તો પપ્પુ યાદવે પોલીસ સાથે જવાની ના પાડી દીધી. તેમણે કહ્યું- બિહાર પોલીસ મારી હત્યાનું કાવતરું ઘડી રહી છે. હું સીધો કોર્ટ જઈશ. પોલીસ સ્ટેશન નહીં જાઉં. સાંસદના નિવાસસ્થાને મોટી સંખ્યામાં તેમના સમર્થકો પણ એકઠા થઈ ગયા હતા. પરિસ્થિતિને કાબૂમાં રાખવા માટે વધુ ૫૦ પોલીસકર્મીઓને બોલાવવામાં આવ્યા હતા. પપ્પુ યાદવ માટે દવાઓ પણ મંગાવવામાં આવી હતી.




# ડ્રાઈવરોને નુકસાન થતું હોવાથી એપ આધારિત ટ્રાન્સપોર્ટની હડતાલ

ન્યુ દિલ્હી,તા.૦૭

સમગ્ર દેશમાં શનિવારે એપ આધારિત ટ્રાન્સપોર્ટ વર્કર્સ (ગિગ વર્કર્સ) હડતાળ પર ઉતર્યા હતા. તેલંગાણા ગિગ એન્ડ પ્લેટફોર્મ વર્કર્સ યુનિયન (TGPWU) અને ઈન્ડિયન ફેડરેશન ઓફ એપ-બેઝ્ડ ટ્રાન્સપોર્ટ વર્કર્સ (IFAT) સાથે સંકળાયેલા ડ્રાઈવરો અને વર્કર્સે આ હડતાળની જાહેરાત કરી છે. આ હડતાળ ડ્રાઈવરોની ઘટતી કમાણી, વધતા શોષણ અને સરકાર દ્વારા ન્યૂનતમ બેઝ ફેર નક્કી ન કરવાના વિરોધમાં કરવામાં આવી રહી છે. આમાં ઓલા, ઉબર, રેપિડો, પોર્ટર સહિત અન્ય એપ-આધારિત ટ્રાન્સપોર્ટ સેવાઓ સાથે સંકળાયેલા ડ્રાઈવરો સામેલ થશે. યુનિયનોના મતે, આ દરમિયાન કેબ અને બાઈક ટેક્સી સેવાઓ પર અસર રહી હતી. ડ્રાઈવરોનો આરોપ છે કે બાઈક ટેક્સી સેવાઓ ગેરકાયદેસર છે. ઓલા, ઉબર, રેપિડો જેવી કંપનીઓ ભાડું મનસ્વી રીતે નક્કી કરી રહી છે, જેનાથી ડ્રાઈવરોને નુકસાન થઈ રહ્યું છે. ડ્રાઈવરો ઈચ્છે છે કે બાઈક ટેક્સી પર પ્રતિબંધ મૂકવામાં આવે.



સંજોગ ન્યૂઝ

# આપણું અમરેલી

રવિવાર, તા.૦૮-૦૨-૨૦૨૬

## કેરિયાનાગસ શાળાની બે વિદ્યાર્થિનીઓ રાજ્ય કક્ષાએ પસંદગી પામતા મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ સન્માનિત કરી

અમરેલી,તા.૦૭

અમરેલી તાલુકાની કેરિયાનાગસ સરકારી પ્રાથમિક શાળાની બે વિદ્યાર્થિનીઓએ સૌરાષ્ટ્ર પ્રદેશ ઝોન કક્ષાની 'બાલ પ્રતિભા શોધ સ્પર્ધા'માં ઝળહળતી સિદ્ધિ મેળવી છે. શાળાની પ્રિના વઘાસિયા (ચિત્રકલા) અને ઈરા સોરઠિયા (વક્તૃત્વ) સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા બની છે અને હવે મોરબી મુકામે યોજાનાર



રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જઈ રહી છે. આ સિદ્ધિની જાણ થતાં મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ પોતાની વ્યસ્ત દિનચર્યામાંથી સમય ફાળવી બંને દીકરીઓને રૂબરૂ મળીને પ્રમાણપત્ર અર્પણ કર્યા હતા અને પ્રોત્સાહન પૂરું પાડી તેમનું મનોબળ વધાર્યું હતું. મંત્રીના આ ઉમદા અને પ્રોત્સાહક અભિગમથી માત્ર દીકરીઓ જ નહીં, પરંતુ સમગ્ર શાળા પરિવાર અને SMC (શાળા વ્યવસ્થાપન સમિતિ) ગૌરવની લાગણી અનુભવી રહ્યા છે. શાળા પરિવારે મંત્રીના લોકસંપર્ક અને શિક્ષણ પ્રત્યેના લગાવ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

## ભોજલધામના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સહકારી આગેવાન દિલીપ સંઘાણી અને મહાનુભાવોની ઉપસ્થિતિ

અમરેલી, તા.૦૮

ભોજલધામ-ફતેપુર ખાતે ત્રી-દિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ અવસરે રાષ્ટ્રીય સહકારી અગ્રણી, ઈફકો–ચેરમેન દિલીપભાઈ સંઘાણી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવેલ કે, અમરેલીને સમર્થ સંત (ભોજાભગત) અને સમર્થ શિષ્ય (જલારામબાપા)ના આશીર્વાદ



મળ્યા છે. ભોજાબાપાના ચાબખાએ સમાજમાં નવી ચેતના જગાવી છે. દિલીપભાઈ સંઘાણીએ ગાદીપતિ મહંત ભકિતરામબાપુના આર્શીવાદ મેળવી સૌની મંગલકામના વ્યકત કરી હતી. આ તકે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, અમરેલી જિલ્લા ખરીદ-વેચાણ સહકારી સંઘના પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયા, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ ડો. ભરતભાઈ કાનાબાર, ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના વાઈસ ચેરમેન અરૂણભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## જાફરાબાદ તાલુકા કોંગ્રેસના પ્રમુખ તરીકે અનકભાઈ સાંખટની વરણી

અમરેલી,તા.૦૭

જાફરાબાદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ તરીકે બાબરકોટ ગામના સરપંચ અનકભાઈ સાંખટની નિમણૂક કરવામાં આવી છે. તેઓ છેલ્લા દસ વર્ષથી બાબરકોટ ગામના સરપંચ તરીકે સેવા આપી રહ્યા છે. આગામી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ પક્ષના સંગઠનને મજબૂત કરવાની કામગીરી પ્રતાપભાઈ દુધાતની આગેવાની હેઠળ ચાલી રહી છે. આ સંદર્ભમાં, અનકભાઈ સાંખટને આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. આ નિમણૂકને જાફરાબાદ તાલુકાના કોંગ્રેસ આગેવાનો જેવા કે ટીકુભાઈ વરુ, નાથાભાઈ પરમાર, ઘનશ્યામભાઈ શેખડા, કાદરભાઈ જાડેજા સહિતનાઓએ આવકારી છે.

## લીલીયાના પુંજાપાદર ગામ પરિવાર દ્વારા આજે સર્વજ્ઞાતિ સમૂહલગ્ન

અમરેલી,તા.૦૭

લીલીયાના પુંજાપાદર ગામે સમસ્ત ગામ પરિવાર દ્વારા દ્વિતીય સર્વજ્ઞાતિ સમૂહલગ્ન સમારોહ આજે તા. ૮ ફેબ્રુઆરી રવિવારે યોજાશે. સમારોહના ઉદ્ઘાટક તરીકે પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા, કૌશિકભાઈ વેકરીયા અને લવજીભાઈ બાદશાહ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ મુજબ સવારે ૯:૦૦ વાગ્યે જાન આગમન, ૯:૩૦ વાગ્યે દીપ પ્રાગટ્ય, ૯:૪૫ વાગ્યે સન્માન સમારોહ, ૧૧:૦૦ વાગ્યે હસ્તમેળાપ, બપોરે ૧૨:૦૦



વાગ્યે ભોજન અને ૩:૦૦ વાગ્યે કન્યાવિદાય યોજાશે. ઉપરાંત સવારે ૭થી ૧૧ દરમિયાન રક્તદાન કેમ્પનું આયોજન કરાયું છે. સમૂહલગ્નમાં ૧૦ યુગલો પ્રભુતામાં પગલા પાડશે. સાંસદ ભરતભાઈ સુતરીયા તથા ધારાસભ્યો મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવિયા, હીરાભાઈ સોલંકી અને જે.વી. કાકડિયા સહિતના આગેવાનો હાજર રહેશે. કાર્યક્રમ સફળ બનાવવા આયોજિત બેઠકમાં અનેક આગેવાનો જોડાયા હતા. ત્રિદિવસીય કાર્યક્રમના ખર્ચના દાતા રામાણી પરિવાર દ્વારા ગ્રામજનોને હાજરી આપવા અપીલ કરાઈ છે.

## લાઠી પોલીસે ખોવાયેલ મોબાઈલ મૂળ માલિકને પરત કર્યો




અમરેલી,તા.૦૭

લાઠી પોલીસ દ્વારા તેરા તુજકો અર્પણ અંતર્ગત પીઆઈ સોનીના માર્ગદર્શન નીચે અરજદાર વસીમભાઈ ફિરોજભાઈ પઠાણનો મોબાઈલ પડી ગયો હોય જે અંગેની જાણ પોલીસને કરવામાં આવી હતી. આથી પોલીસે ખોવાયેલો મોબાઈલ શોધવા માટે ટેકનીકલ સોર્સ અને સીસીટીવી કેમરાની મદદથી ખોવાયેલો મોબાઈલ શોધ મૂળ માલિક વસીમભાઈને મોબાઈલ સોંપી તેરા તુજકો અર્પણના સુત્રને સાર્થક કર્યુ હતું.

## અમરેલી તાલુકાના સોનારિયા ગામેથી પરપ્રાંતીય સગીરાને યુવક ભગાડી ગયો

અમરેલી, તા.૦૭

અમરેલીના સોનારિયા ગામેથી એક પરપ્રાંતીય સગીરાને તેનો જ હમવતની ભગાડી ગયો હતો. સોનારિયા ગામમાં વાડીમાં રહેતા સગીરાના પિતાએ મધ્યપ્રદેશના ધાર જિલ્લાના વાઘગામના અંતિમ સુડીયા બધેલ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમની પુત્રીને આરોપી લગ્ન કરવાની લાલચ આપી, તેની સાથે ગંદુ કામ કરવાના ઈરાદે ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ ઓ.કે. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

## બાબરામાં દીકરીને ભગાડ્યાની ફરિયાદ કરનારા પિતા પર જીવલેણ હુમલો

બાબરા, તા.૦૭

અમરેલી જિલ્લાના બાબરા-ચમારડી હાઈવે પર જૂની અદાવતને લઈ એક પરિવાર પર હુમલો થયાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. દીકરીને લલચાવી-ફોસલાવી ભગાડી જવાના મામલે અગાઉ થયેલી પોલીસ ફરિયાદનો ખાર રાખીને આરોપીએ ધોકા વડે હુમલો કરી પરિવારને રસ્તામાં આંતર્યો હતો. આ અંગે બાબરાના વાવડી ગામે રહેતા દિનેશભાઈ ભીમજીભાઈ કોલડીયા (ઉ.વ.૪૫)એ તેમના જ ગામના કૃણાલ વિનુભાઈ કોચરા, કામીલ અશોકભાઈ દેવભડીંગજી તથા અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમની દીકરી જ્યારે અમદાવાદ ખાતે ધોરણ-૧૨ માં અભ્યાસ કરતી હતી, ત્યારે આરોપી કૃણાલ તેને લલચાવી-ફોસલાવીને ભગાડી ગયો હતો. આ બાબતે ઓગસ્ટ-૨૦૨૫માં અમદાવાદના નિકોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ કાયદેસરની કાર્યવાહીનો ખાર રાખીને આરોપીઓ તેમના પરિવાર પર નજર રાખી રહ્યા હતા. તેઓ તેમના પત્ની અને દીકરી બાબરાથી વાવડી તરફ આવી રહ્યા હતા, ત્યારે બાબરા-ચમારડી હાઈવે પર આરોપીઓએ તેમનો રસ્તો રોક્યો હતો. આરોપીઓએ ઉશ્કેરાઈ જઈને તેમને અને તેમના પત્નીને ધોકા વડે માર મારવાનું શરૂ કર્યું હતું. હુમલા દરમિયાન આરોપીઓએ અત્યંત ઉદ્ધત વર્તન કરી તેમની દીકરીને ફરીથી 'ઉપાડી જવાની' ધમકી આપી હતી. એટલું જ નહીં, જો તેઓ આ મામલે પાછળ નહીં હટે તો તેમના પુત્રને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીઓ ફરાર થઈ ગયા હતા. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ વાય.આર. ડેર વધુ તપાસ કરી રહ્યા છે.

### જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર - એસ.પી.ભડકોલીયા, **(એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી)**, સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમોના અસીલ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-લોંકી ગામે ખેડૂત ખાતા નં-૧૭૫ ની ખેતીના માલીકશ્રી સોળીયા રણછોડભાઈ વલ્લભભાઈના સ્વતંત્ર નામે મોજે - લોંકી, સ.નં.-૩૦૩ (જુનો સ.નં.-૯૮ પૈકી ૨), ક્ષેત્ર.હે.આરે.ચોમી.૩-૫૭-૧૮, આકાર -૧૧.૩૫ વાળી ખેતીની જમીન.....

ઉપરોકત જણાવ્યા મુજબની ખેતીની જમીનના ૭/૧૨, ૮અ માં શ્રી લોંકી સેવા સહકારી મંડળી લી.ના અનુક્રમે અંકે રૂા.૧૦.૦૦.૦૦૦/- તથા રૂા.૨૬.૦૦.૦૦૦/- નો બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોકત જણાવ્યા મુજબના ખેડૂત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦( દસ) માં અમો રૂબરૂ આધાર પુરવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહું ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદ પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૧૦ (દસ) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી...........

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**
**મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪**

**સ્થળ:-લીલીયા**
**તારીખ:-૭/૨/૨૦૨૬**




Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

### -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/ અરજી નં.૦૩/૨૦૨૬

અરજદારશ્રી:- બાવચંદભાઈ ભીમજીભાઈ માલાણી,
રે.૪૦૫/એર, સાઈ દર્શન સંકુલ, પોલીસ ચોકીની પાસે, મોટા વરાછા, સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧.તકમશ્રી સાકરપરા-મીતીયાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતા સવિતાબેન ભીમજીભાઈ માલાણીનું મરણ તા.૨૨/૦૮/૨૦૦૧ ના રોજ મુ.સાકરપરા-મીતીયાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

### -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/ અરજી નં.૦૭/૨૦૨૬

અરજદારશ્રી:- હરેશભાઈ ચીમનલાલ કડવાણી,
રે.આડી શેરી, આઝાદ ચોક, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧.જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના દાદા ત્રંબકલાલ ગોવિંદજીભાઈ કડવાણીનું મરણ તા.૦૯/૦૭/૧૯૫૯ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ નગરપાલિકા / ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

### -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/ અરજી નં.૦૮/૨૦૨૬

અરજદારશ્રી:- હરેશભાઈ ચીમનલાલ કડવાણી,
રે.આડી શેરી, આઝાદ ચોક, સાવરકુંડલા

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧.જન્મ મરણ રજીસ્ટરારશ્રી, નગરપાલીકા કચેરી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના દાદા ભાયચંદ ગોવિંદજીભાઈ કડવાણીનું મરણ તા.૧૪/૦૫/૧૯૪૧ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ નગરપાલિકા/ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

### -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-
### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/ અરજી નં.૦૨/૨૦૨૬

અરજદારશ્રી:-૧. રમેશભાઈ વલ્લભભાઈ કાથરોટીયા,
રે.૧૪૦, રવિદર્શન સોસાયટી, પુણા સીમાડા રોડ, બેહીંદ શ્યામધામ સોસાયટી, સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧.તકમશ્રી ઓળીયા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના દાદીશ્રી મોતીબેન અરજણભાઈ કાઠરોટીયાનું મરણ તા.૧૪/૦૬/૧૯૮૭ ના રોજ મુ.ઓળીયા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# જિલ્લામાં વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૯,૫૨૦ વિદ્યાર્થિનીઓને શિષ્યવૃત્તિ ચુકવાઈ

અમરેલી,તા.૦૭

ગુજરાત સરકારની 'નમો લક્ષ્મી યોજના' અમરેલી જિલ્લામાં દીકરીઓના શિક્ષણ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન જિલ્લાની ૧૯,૫૨૦ વિદ્યાર્થિનીઓને કુલ રૂ.૧૨.૨૮ કરોડની શિષ્યવૃત્તિ સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવી છે. જિલ્લા



શિક્ષણાધિકારી એમ.બી. ગોહિલના જણાવ્યા મુજબ, આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય આર્થિક મુશ્કેલીઓને કારણે દીકરીઓ અધવચ્ચે અભ્યાસ ન છોડે તે સુનિશ્ચિત કરવાનો છે. યોજના હેઠળ ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતી જરૂરિયાતમંદ કન્યાઓને ચાર વર્ષમાં કુલ રૂ.૫૦,૦૦૦ સુધીની આર્થિક સહાય આપવામાં આવે છે. આર્થિક ટેકો મળતા ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણ છોડી દેવાનું પ્રમાણ ઘટ્યું છે. સહાયનો લાભ હાજરી સાથે જોડાયેલ હોવાથી શાળાઓમાં વિદ્યાર્થિનીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

# ખાંભાના કોદીયા ગામે રૂ.૭૦ લાખના ખર્ચે આરસીસી રોડનું ખાતમુહૂર્ત

**ધારાસભ્ય જે.વી.કાકડીયા સહિત ભાજપના પદાધિકારીઓ હાજર રહ્યા**

અમરેલી,તા.૦૭

ખાંભા તાલુકાના કોદીયા ગામે શનિવારના રોજ વિકાસના કાર્યોને વેગ આપતા, અંદાજે રૂ.૭૦ લાખના ખર્ચે બનનાર આર.સી.સી. સુવિધાપથ રોડનું



ધારાસભ્ય જે.વી. કાકડીયાના વરદ્ હસ્તે ભવ્ય ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહંત શંભુગીરીબાપુના આશીર્વાદ સાથે જિલ્લા પંચાયત સભ્ય અરવિંદભાઈ ચાવડા, તાલુકા ભાજપ પ્રમુખ આનંદભાઈ ભટ્ટ અને તાલુકા પંચાયત પ્રમુખ ભીખાભાઈ સરવૈયા ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે જ શાંતિલાલ રાયડી, હર્ષદભાઈ રાવલ અને સરપંચ વાલજીભાઈ સોલંકી સહિત ભાજપના હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

# અમરેલીમાં શબ્દસમિધ દ્વારા ૧૦ ફેબ્રુઆરીએ ભવ્ય કવિ સંમેલન "પગલાંની રિયાસત"નું આયોજન થશે

અમરેલી, તા.૦૭

સાહિત્યને વરેલી સંસ્થા 'શબ્દસમિધ - અમરેલી' દ્વારા આગામી સોમવાર, ૧૦ ફેબ્રુઆરીના રોજ હોટેલ એન્જલ ખાતે એક ભવ્ય કવિ સંમેલન "પગલાંની રિયાસત"નું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે યોજાનાર આ કાર્યક્રમ ગુજરાતી સાહિત્યની સુગંધને અમરેલીથી અમેરિકા સુધી ફેલાવનાર ખ્યાતનામ કવિ ડૉ. અશરફ ડબાવાલા અને ડૉ. મધુમતી મહેતાની કાવ્યયાત્રાને સમર્પિત છે. આ પ્રસંગે આદરણીય છેલભાઈ વ્યાસ પ્રેરક ઉપસ્થિતિ આપી શોભા વધારશે. મુશાયરામાં ગુજરાતના દિગ્ગજ કવિઓ અરવિંદ ભટ્ટ, અનિલ ચાવડા, કૃષ્ણ દવે, ડૉ. લલિત ત્રિવેદી તથા હરેશ વડાવિયા પોતાની અનોખી કાવ્યશૈલીથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે. શબ્દસમિધ પરિવાર દ્વારા અમરેલીની સાહિત્યપ્રેમી જનતાને આ કાવ્યમય સાંજનો લ્હાવો લેવા અને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. અક્ષર અને લયના આ સંગમથી અમરેલીનું આંગણું ગુંજી ઉઠશે.

# રાજુલાના નિંગાળા-૧ ગામે પ્રેમ સંબંધના વેરને લીધે પરિવાર પર હુમલો

રાજુલા, તા.૦૭

રાજુલા તાલુકાના નિંગાળા-૧ ગામે ચાર વર્ષ જૂના પ્રેમ સંબંધની અદાવત રાખીને એક પરિવાર પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી હતી. આ હુમલામાં મહિલાઓ સહિત પરિવારના સભ્યોને ઈજાઓ પહોંચાડી આરોપીઓએ ગાડીમાં તોડફોડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અર્જુનભાઈ ભરતભાઈ બાંભણીયા (ઉ.વ.૨૫)એ ઉમેશભાઈ ભીખાભાઈ શિંગડ, સાગરભાઈ ખીમાભાઈ ગુજરીયા, મીલનભાઈ વેલાભાઈ ગુજરીયા, પ્રકાશભાઈ ભીખાભાઈ શિંગડ તથા ભીખાભાઈ શિંગડ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, ચારેક વર્ષ પહેલા તેમના ભાઈ કરણભાઈને સાગરભાઈ ગુજરીયાની બહેન સાથે પ્રેમ સંબંધ હતો. તે સમયે થયેલી બોલાચાલીનું મનદુઃખ રાખીને પાંચ શખ્સોએ હુમલો કર્યો હતો. તેઓ ઘરે હાજર હતા, ત્યારે આરોપીએ શેરીમાં પાર્ક કરેલી ઈકો ગાડી (GJ ૧૪ AP ૪૦૧૩) પર લાકડી અને પથ્થર વડે હુમલો કરી કાચ ફોડી નાખ્યા હતા. તોડફોડનો અવાજ સાંભળી પરિવાર બહાર આવતા આરોપીઓએ હિંસક હુમલો શરૂ કર્યો હતો. તેમને લાકડીનો ઘા ડાબા હાથના પહોંચા પર માર્યો હતો. તેમના માતા વચ્ચે આવતા તેમને લાકડી મારી આંગળી પર લોહી કાઢી નાખ્યું હતું અને બહેન વચ્ચે પડતા તેમને પણ લાકડીના ઘા મારી ઈજા પહોંચાડી હતી. આ દરમિયાન અન્ય આરોપીઓ પણ ત્યાં ધસી આવ્યા હતા અને ગાળાગાળી કરી ઘર પર પથ્થરમારો શરૂ કર્યો હતો. પથ્થર વાગવાથી ફરિયાદીના અંગૂઠા પર ઈજા થઈ હતી. હુમલાખોરોએ ઈકો ગાડીમાં તોડફોડ કરીને આશરે રૂ. ૫૦,૦૦૦નું નુકસાન કર્યું હતું અને જતાં-જતાં સમગ્ર પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી. બી. ઝીંઝાળા વધુ તપાસ કરી રહ્યા છે.

**ઇકો ગાડીના કાચ ફોડી રૂ. ૫૦ હજારનું નુકસાન**

# ખાંભાના બોરાળા ગામે લગ્ન પ્રસંગમાં યુવક પર કુહાડી અને પથ્થર વડે જીવલેણ હુમલો

**ભાઈને મારવાની ધમકીનો વિરોધ કરતા હૂમલો**

ખાંભા, તા.૭

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના બોરાળા ગામે લગ્ન પ્રસંગના હરખમાં ઝેર ભળ્યું હોય તેવી એક હિંસક ઘટના સામે આવી હતી. ભાઈને ઉપાડી લેવાની ધમકીનો વિરોધ કરતા એક યુવક પર ચાર શખ્સોએ કુહાડી અને પથ્થર વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. આ અંગે ગીર સોમનાથના નવા ઉગલા ગામના ભાવેશભાઈ જાદવભાઈ પરમાર (ઉં.વ.૩૨) એ ખાંભાના બોરાળા ગામના દાનાભાઈ ગભાભાઈ વાઘેલા, દાનાભાઈ ગભાભાઈ વાઘેલાનો નાનો દીકરો, દાનાભાઈ ગભાભાઈ વાઘેલાનો મોટો દીકરો તથા દાનાભાઈ ગભાભાઈ વાઘેલાના જમાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, ગત તારીખ ૦૫/૦૨/૨૬ ના રોજ બપોરના આશરે સાડા બાર વાગ્યાના સુમારે આ ઘટના બની હતી. ફરિયાદી બોરાળા ગામે ધનાભાઈ મધુભાઈ પરમારના ઘરે લગ્ન પ્રસંગમાં આવ્યા હતા. આ દરમિયાન ચાર શખ્સો ત્યાં ઉભા રહીને ફરિયાદીના મોટાભાઈ ભગુભાઈ પરમારને 'ઉપાડી લેવો છે' તેવી વાતો કરી રહ્યા હતા. તેઓ આ વાત સાંભળી જતા તેમણે હિંમત દાખવી આરોપીને કહ્યું હતું કે, 'ભગુભાઈને એકલા ન સમજતા.' આ વાત આરોપીઓને ગમી નહોતી અને મામલો બિચક્યો હતો. વાતનું વેર રાખીને આરોપીઓએ ગાળાગાળી શરૂ કરી હતી. ત્યારબાદ પોતાના હાથમાં રહેલી કુહાડીનો ઘા ફરિયાદીના માથાના પાછળના ભાગે ઝીંકી દીધો હતો, જેના કારણે માથામાં ત્રણ ટાંકા આવ્યા હતા. આ ઉપરાંત બાજુમાંથી પથ્થરનો ટુકડો ઉપાડી ફરિયાદીના મોઢા પર છુટ્ટો માર્યો હતો. આ હુમલામાં ફરિયાદીના ડાબા ગાલ પર ફ્રેક્ચર થયું અને હાડકું ભાંગી ગયું હતું. તમામ ચારેય આરોપીઓએ ભેગા મળીને ફરિયાદીને ઢીકાપાટુનો માર માર્યો હતો. હુમલો કર્યા બાદ આરોપીઓએ તેમને જેમ ફાવે તેમ ગંદી ગાળો આપી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી નાસી છૂટ્યા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.એચ. મહેતા વધુ તપાસ કરી રહ્યા છે.

# અવસાન નોંધ

**ધોરાજી**

ધોરાજી, સોની ચંદ્રકાન્તભાઈ (ચંદુભાઈ) લીલાધરભાઈ માંડલિયા (ઉ.વર્ષ ૮૧) તે નવનીતભાઈ, રાજુભાઈ, દિલિપભાઈ તથા જ્યોત્સનાબેન જિતેન્દ્રકુમાર ભુવા (રાજકોટ)ના મોટાભાઈ તથા કિરીટભાઇ, કલ્પેશભાઇ તથા લીનાબેન રાજેશકુમાર ધોળકિયા (રાજકોટ)ના પિતાશ્રી તથા દીપ, શુભમ, અંજલિબેન નિકુંજકુમાર રાજપરા (ઉપલેટા) તથા રાધિકાબેન રવિકુમાર (અમદાવાદ) તથા દિયાના દાદા તા:૦૫/૦૨/૨૦૨૬ ને ગુરુવારે શ્રીજી ચરણ પામ્યા છે.

**અમરેલી**

અમરેલી નિવાસી પ્રેમિલાબેન સુરેશભાઈ નગદીયા ઉ.વર્ષ ૬૮, તે સુરેશભાઈ નગદીયા (bank of baroda) ના ધર્મપત્ની પ્રશાંતભાઈ (જલારામ ફૂટવેર)ના માતૃશ્રી તેમજ કિરીટભાઈ નગદીયા (ચલાલા વાળા)ના ભાભી, સ્વ. વિનુભાઈ, રાજુભાઈ, પંકજભાઈ, સંદીપભાઈ, ભાવિકભાઈ તથા વ્રજેશભાઈના કાકીનું તારીખ ૬/૨/૨૦૨૬, શુક્રવારના રોજ અમરેલી ખાતે દુઃખદ અવસાન થયેલ છે.

**રાજકોટ**

રાજકોટ/ મૂળ જેતલસર ગામ, હાલ રાજકોટ નિવાસી અશોકભાઈ જટાશંકરભાઈ પંડયા(ઉ.વ.૬૫) તે હિનાબેનના પતિ, જયાબેન પી. પંડયાના ભત્રીજા, પાર્થ, વિવેકના પિતા, વિધિબેનના સસરા, સ્વ. નરેન્દ્રભાઈ, કીર્તિભાઈ, સ્વ. ગિરીશભાઈ, પુષ્પાબેન, કુંદનબેન, નિતાબેનના ભાઇ, સ્વ. રમેશભાઈ ઠાકર, હર્ષદભાઈ ઠાકર, શૈલેશભાઈ ઠાકરના બનેવી, દ્વિજાના દાદાનું તા.૬ના રોજ અવસાન થયું છે. બેસણું તા.૯ને સોમવારે સાંજે ૪-૩૦થી ૫-૩૦, ગીતા મંદિર, જંકશન પ્લોટ, મેઈન રોડ, જંકશન પોલીસ ચોકીની બાજુમાં, રાજકોટ ખાતે રાખ્યું છે.









## નામ બદલાવેલ છે

આથી સોંગદપૂર્વક જણાવુ છું કે મારુ જૂનું નામ **વાડદોરીયા લાલજી પ્રાગજી** હતુ જે તેમાંથી બદલાવી નવું નામ **વાડદોરીયા લાલજીભાઈ પ્રાગજીભાઈ** રાખેલ છે. હવેથી હું **વાડદોરીયા લાલજીભાઈ પ્રાગજીભાઈ** નામથી ઓળખાઈશ તેની સર્વે એ નોંધ લેવી.

**વાડદોરીયા લાલજીભાઈ પ્રાગજીભાઈ**
મુ. કરજાળા, તા.સાવરકુંડલા,
જી.અમરેલી-૩૬૪૫૧૫

## :: જાહેર નોટીસ ::

આથી અમો આશિષ પી. ભુપતાણી, ઉના તે મારા અસીલ શ્રી મનીષાબેન ધનજી પરમાર રહે. ઉના વાળાની સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ સર્વેને જાણ કરવામાં આવે છે.

ગુજરાત રાજયના ગીર સોમનાથ જીલ્લાના ઉના તાલુકાના ઉના શહેરમાં ગીર ગઢડા તરફ આવેલ મૂળ રે.સ.નં.૩૬૦/પૈકી -૨ વાળી (૧૬.૧૮૮ ચો.મી.) રહેણાકી હેતુ બિન ખેતી થયેલ ગોલ્ડન સીટી -૩ નામથી ઓળખાતી જમીન માંહે મંજુર બ-આઉટ પ્લાન માંહેના પ્લોટ નં-૧૧૧, ક્ષેત્રફળ ૧૨૨.૩૭ ચો.મી. ઉપર ગ્રાઉન્ડ ફલોર બાંધકામ ૨૮.૦૭ ચો.મી. ફસ્ટ ફલોર બાંધકામ ૩૬.૧૭ ચો.મી. મળી કુલ બાંધકામ ૯૪.૨૪ ચો.મી. વાળી મિલકત શ્રી સંગીતાબેન મયુરભાઈ વાળાના નામે ચાલે છે.

સાદર હું ઉપરોકત મિલકત અમારા અસીલ મનીષાબેન ધનજીભાઈ પરમાર કાયદેસરની અવેજની રકમ ચૂકવી રજીસ્ટ્રેશન વેચાણ દસ્તાવેજથી ખરીદી કરવા માંગના હોય, ઉપરોકત મિલકત અંગે લગતા-વડગતા કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક-હિસ્સો, રાઈટસ, રજીસ્ટ્રેશન, દર-દાવો બોજો કે તારણમાં કોઈ ત્રાહિત વ્યક્તિના બોજા કે તારણમાં હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયાની તારીખથી દિવસ ૭ (સાત) માં સંપૂર્ણ આધાર પુરાવા સાથે રજી. એ.ડી.થી અમોને નીચેના સરનામે જાણ કરવી, મુદત બાદ આવા કોઈપણ વાંધા, તકરારો, કરજ, લેણા, બોજા, હક્ક, હિસ્સાને ધ્યાને લેવામાં આવશે નહિ. મુદત વિત્યેથી અમારા અસીલ સદરહું મિલકતનું પોતાને નામ પાકુ રજીસ્ટ્રેશન વેચાણ દસ્તાવેજ કરવાની કાર્યવાહી કરશે. મુદત બાદ કોઈપણ વ્યક્તિ, પેઢી, સંસ્થા, વિગેરેનો કોઈપણ વાંધો-તકરાર ચાલશે નહિ અને આવા વાંધા તકરાર હશે તો તે જતો કરેલ(વેઈવ) ગણાશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તે અમોના અસલીની સુચના મુજબ

**આશિષ પી. ભુપતાણી, (એડવોકેટ)**
**૧૭, દેવ મનોહર કોમ્પલેક્ષ,**
**વેરાવળ રોડ, ઉના**
**મો.૯૭૨૪૩ ૬૨૨૮૦**

## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૬૧/૨૦૨૫ તા.૨૮/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. ઈભાહીમભાઈ જમાલભાઈ બાવનકા
રહે.મુ.ખાટકી વાસ, જુના બસ સ્ટેશન પાસે, સાવરકુંડલા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી,નગરપાલિકા કચેરી,સાવરકુંડલા તા.સાવરકુંડલા જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના નાનાભાઈ ઉસ્માનભાઈ જમાલભાઈ બાવનકાનો જન્મ તા.૧૦/૦૬/૧૯૬૯ ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા / ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઇ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૨/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૪૭/૨૦૨૫ તા.૨૮/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. આદમભાઈ કાસમભાઈ કાલવા
રહે.મુ.ખાટકીવાસ, જુના બસ સ્ટેશન પાસે સાવરકુંડલા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી,નગરપાલિકા કચેરી,સાવરકુંડલા તા.સાવરકુંડલા જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી હસીનાબેન આદમભાઈ કાલવાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૨ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા / ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઇ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૨/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## -//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

### રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૪/૨૦૨૬ તા.૨૯/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. કુરેશી રજીયાબેન એહમદભાઈ વાઈફ ઓફ ચૌહાણ મકસુદભાઈ
રહે. બીડી કામદાર સોસાયટી, સાવરકુંડલા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. જન્મ મરણ અધિકારીશ્રી,નગરપાલિકા કચેરી સાવરકુંડલા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી કુરેશી રજીયાબેન એહમદભાઈનો જન્મ તા.૧૫/૦૮/૧૯૭૫ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા / ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઇ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**




# ધારીના ગઢીયા-દલીનેશ રોડ પર બે વાડીના ટીસીમાંથી ૧૫૦ લીટર ઓઈલની ચોરી

**નાયબ ઈજનેરે પોલીસ ફરિયાદ નોંધાવી**

ધારી, તા.૦૭

ધારી પંથકમાં ખેતીવાડી વિસ્તારમાં તસ્કરો ફરી સક્રિય થયા છે. ગઢીયા (ચાવંડ) થી દલીનેશ જવાના રસ્તે આવેલી બે અલગ-અલગ વાડીઓમાંથી ટ્રાન્સફોર્મરમાંથી ઓઈલની ચોરી થવાની ઘટના સામે આવી છે. અજાણ્યા તસ્કરો કુલ ૧૫૦ લીટર ઓઈલની ચોરી કરી નાસી છૂટ્યા હોવાની ફરિયાદ નોંધાઈ હતી. પીજીવીસીએલમાં નાયબ ઈજનેર તરીકે નોકરી કરતાં અંકિતકુમાર હસમુખભાઈ વાળા (ઉ.વ.૩૯) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, ધારી પેટા વિભાગીય કચેરી-૨ હેઠળ આવતા આ વિસ્તારમાં તસ્કરોએ બે ખેડૂતોને નિશાન બનાવ્યા હતા. ગઢીયા ચાવંડથી દલીનેશ રોડ પર આવેલી ઉર્મિલાબેન કાળાભાઈ અકબરીની વાડીમાં રહેલા ટીસીમાંથી તસ્કરોએ આશરે ૬૦ લીટર ઓઈલની ચોરી કરી હતી. જેની અંદાજિત કિંમત રૂ.૫,૭૦૦ થાય છે. જ્યારે આ જ વિસ્તારમાં આગળ આવેલી છગનભાઈ જેરામભાઈ ટાપણીયાની વાડીએ પહોંચી તસ્કરોએ બીજા ટીસીને નિશાન બનાવ્યું હતું. અહીં ટીસીમાં રહેલું તમામ ૯૦ લીટર ઓઈલ તસ્કરો ચોરી ગયા હતા, જેની કિંમત રૂ.૮,૫૫૦ જેવી થાય છે. આમ, બંને વાડીઓમાંથી મળીને કુલ ૧૫૦ લીટર ટ્રાન્સફોર્મર ઓઈલ, જેની કુલ કિંમત રૂ.૧૪,૨૫૦ થાય છે, તેની ચોરી કરીને અજાણ્યા ચોર ઈસમો ફરાર થઈ ગયા છે. પોલીસે આ મામલે ગુનો નોંધી તસ્કરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એચ.વાઘ વધુ તપાસ કરી રહ્યા છે.

**માતા સાથે ચા બનાવવા મુદ્દે માથાકૂટ કરનાર પિતાને પતાવી દીધો હતો**

# બગસરાના મોટા મુંજીયાસર ગામે સાવકા પિતાની હત્યા કરનાર ઝડપાયો

**પુત્રને મોટા મુંજીયાસર ગામની સીમમાંથી જ પોલીસે ઝડપી પાડ્યો**

બગસરા,તા.૦૭

બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામની સીમ વિસ્તારમાં ગુરૂવારના રોજ ખેતમજૂરી કરી રહેલા સાવકા પિતાની પુત્રએ નિર્મમ હત્યા કર્યા બાદ નાસી જતા પોલીસે બીજા દિવસે પુત્રને ઝડપી પાડ્યો હતો.

બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામે કિશોરભાઈ મનજીભાઈ પટોળિયાની વાડીમાં ખેતમજૂરી કામ કરતા રમણ વાલકાભાઈ કટારાને તેની પત્ની સીતા સાથે ચા બનાવવા માટે માથાકૂટ થતાં સીતાનો પુત્ર સુરેશ પણ આવી જતા માથાકૂટ ઉગ્ર



બની હતી. જેથી સુરેશે આવેશમાં આવી જઈ તેના સાવકા પિતા રમણના માથામાં લાકડાના ફટકા અને સિમેન્ટનો ચૂલો મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો. સાવકા પિતાની હત્યા કર્યા બાદ સુરેશ નાસી છૂટ્યો હતો જેથી પોલીસે સુરેશને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા. જેમાં શુક્રવારના રોજ આરોપી સુરેશ સીમ વિસ્તારમાંથી ઝડપાઈ જતા પોલીસે તેને પકડી જેલ હવાલે કર્યો હતો.

# ધારીના ખીચા ગામે આડા સંબંધની શંકાએ પતિએ પત્નીને જાનથી મારવાની ધમકી આપી

ધારી, તા.૦૭

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ખીચા ગામે શંકાના આધારે હિંસક ઘટના બની હોવાનું સામે આવ્યું છે. આડા સંબંધની શંકા રાખીને પતિએ પત્નીને મુંઢમાર મારી, ગંદી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. વિલાસબેન મનસુખભાઈ વાઘેલા (ઉ.વ.૩૫)એ મનસુખભાઈ નાનજીભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, પતિએ તેમના પર આડા સંબંધની શંકા કરી હતી. આ બાબતનો ખાર રાખી ઝઘડો કર્યો હતો અને ઉશ્કેરાઈ જઈને તેમને શરીરે મુંઢમાર માર્યો હતો. માર માર્યા બાદ પણ પતિએ શાંત ન થઈ ફરિયાદીને જાહેરમાં ગાળો આપી હતી અને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એચ. વાઘ વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલાની એસ.વી.દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં હસ્તકલા, ફૂડ ફેસ્ટિવલ અને વાલી સંમેલનનો ત્રિવેણી સંગમ

સાવરકુંડલા, તા.૦૭

સાવરકુંડલા શહેરની પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થા એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે તારીખ ૫-૨-૨૬ના રોજ હસ્તકલા પ્રદર્શન, ફૂડ ફેસ્ટિવલ અને વાલી મિટિંગ જેવા 'ત્રિવિધ કાર્યક્રમ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં યોજાયેલા હસ્તકલા પ્રદર્શનમાં વિદ્યાર્થિનીઓ દ્વારા તૈયાર કરાયેલા ૫૦થી વધુ કલાત્મક નમૂનાઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. જ્યારે



ફૂડ ફેસ્ટિવલમાં ૧૦૦ જેટલી વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ૧૦૦ જેટલી અવનવી વાનગીઓ રજૂ કરી હતી. આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ દીકરીઓને દાતા અને મોટીવેશનલ સ્પીકર નરેન્દ્રભાઈ ડાભી તરફથી ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વાલી મિટિંગમાં આશરે ૩૦૦ જેટલા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્યા ઉષાબેન બી. તેરૈયાએ વાલીઓને શિક્ષણ પ્રત્યે જાગૃતિ, કારકિર્દી માર્ગદર્શન અને શાળાના નીતિ-નિયમોના પાલન અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અંતે વર્ષ દરમિયાન વિવિધ સમિતિઓમાં શ્રેષ્ઠ સેવા આપનાર વિદ્યાર્થિનીઓને સન્માનિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સમગ્ર સ્ટાફ પરિવારે જહેમત ઉઠાવી હતી.

# અમરેલીના બક્ષીપુર ગામેથી પરિણીતા ભેદી સંજોગોમાં ગુમ: પરિવારજનો દ્વારા શોધખોળ શરૂ

અમરેલી, તા.૦૭

અમરેલી જિલ્લાના બક્ષીપુર ગામેથી એક વ્યક્તિ ઘરેથી કોઈને કશું કહ્યા વગર અચાનક ક્યાંક ચાલ્યા જતાં ચકચાર મચી ગઈ હતી. પરિવારજનો દ્વારા ઘણી શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન લાગતા આખરે પોલીસને જાણ કરવામાં આવી હતી. અજયભાઈ ધીરૂભાઈ ડાભી (ઉ.વ.૩૧) એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની શિલ્પાબેન ડાભી (ઉ.વ.૨૮) પોતાના ઘરેથી કોઈને પણ જાણ કર્યા વગર ક્યાંક નીકળી ગયા હતા. મોડી સાંજ સુધી તે ઘરે પરત ન ફરતા ચિંતાતુર બનેલા પરિવારજનોએ સગા-સંબંધીઓ અને આડોશ-પાડોશમાં તપાસ કરી હતી. જોકે, તેમનો ક્યાંય પત્તો લાગ્યો ન હતો. આખરે, આ મામલે પોલીસ મથકમાં ગુમ થયા અંગેની નોંધ કરાવવામાં આવી હતી. પોલીસે ગુમશુદાની વિગતોના આધારે વિવિધ દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

# અમરેલી જિલ્લામાંથી ૨૨ નબીરાઓ નશાની હાલતમાં ઝડપાયા, ૨૧ ઈસમો પાસેથી દેશી દારૂનો જથ્થો મળ્યો

અમરેલી, તા.૦૭

અમરેલી જિલ્લામાં દારૂબંધીના કડક અમલ માટે પોલીસ અધિક્ષકની સૂચનાથી હાથ ધરવામાં આવેલ વિશેષ ડ્રાઈવ અંતર્ગત તસ્કરો અને પ્યાસીઓ પર પોલીસ તૂટી પડી છે. છેલ્લા ૨૪ કલાકમાં જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાંથી પોલીસે કુલ ૨૨ પ્યાસીઓની અટકાયત કરી હતી, જ્યારે ૨૧ શખ્સોને દેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યા હતા. પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ અને બ્રેથ એનેલાઈઝર ટેસ્ટ દરમિયાન જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી કુલ ૨૨ પ્યાસીઓ નશો કરેલી હાલતમાં મળી આવ્યા હતા. જાહેરમાં નશો કરીને ફરતા આ શખ્સો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બીજી તરફ, દેશી દારૂના દૂષણને ડામવા માટે પોલીસે બાતમીદારોના આધારે દરોડા પાડ્યા હતા. જેમાં કુલ ૨૧ ઈસમો દેશી દારૂના જથ્થા સાથે રંગેહાથ ઝડપાઈ ગયા

**તમામ દારૂડીયાઓ સામે પોલીસે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધ્યો**

છે. પોલીસે આ ઈસમો પાસેથી દારૂનો જથ્થો કબજે કરી તેમના વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો અને આ દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો હતો તે દિશામાં તપાસ શરૂ કરી હતી.

# લાઠીના શેખપીપરીયા ગામે જમીન વિવાદનું નિરાકરણ ન આવતા ૭૦ વર્ષીય વૃદ્ધે ઝેરી દવા ગટગટાવી

લાઠી, તા.૦૭

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના શેખપીપરીયા ગામે જમીનના ડખ્ખામાં એક વૃદ્ધે જીવન ટૂંકાવવાનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ હતી. જમીન વિવાદમાં કોઈ નિવેડો ન આવતા કંટાળીને ૭૦ વર્ષીય વૃદ્ધે કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લેતા તેમને ગંભીર હાલતમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. શેખપીપરીયા ગામે રહેતા અને ખેતીકામ કરતા ૭૦ વર્ષીય ગોરધનભાઈ મનજીભાઈ ભાદાણીને તેમની બાજુની વાડી ધરાવતા શખ્સ સાથે લાંબા સમયથી જમીન બાબતે તકરાર ચાલતી હતી. આ જમીન વિવાદને ઉકેલવા માટેના પ્રયાસો છતાં કોઈ નક્કર નિરાકરણ કે શાંતિપૂર્ણ સમાધાન આવતું નહોતું. લાગી આવતા ભર્યું અંતિમ પગલું લીધુ હતુ. જમીનના પ્રશ્ને વારંવાર થતી ટકટક અને વિવાદનો અંત ન આવતા ગોરધનભાઈ માનસિક રીતે ભાંગી પડ્યા હતા. આ બાબતે તેમને મનમાં લાગી આવતા, તેમણે પોતાની વાડીએ કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતા જ પરિવારજનોએ તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યા હતા. આ મામલે લાઠી પોલીસે નોંધ કરી જમીન વિવાદના કારણો અને સામે પક્ષે કોઈ દબાણ હતું કે કેમ તે દિશામાં તપાસ હાથ ધરી હતી. સાવરકુંડલાના આંબરડી ગામે વાડીએ રહેતા સુભાષભાઈ નરસિંગભાઈ મકવાણા અગમ્ય કારણોસર પોતાની મેળે ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન મરણ પામ્યા હોવાનું નરસિંગભાઈ રૂપસિંગભાઈ મકવાણાએ જાહેર કર્યું હતું.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૪૯૫ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૩૦ |
| જુવાર સફેદ | ૯૦૦ | ૧૧૫૩ |
| બાજરી | ૩૫૦ | ૩૫૮ |
| તુવેર | ૧૨૦૦ | ૧૬૨૦ |
| ચણા પીળા | ૯૯૦ | ૧૧૧૦ |
| ચણા સફેદ | ૧૧૨૫ | ૧૯૦૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૭૩૫ |
| મગ | ૮૮૦ | ૧૯૧૫ |
| વાલ દેશી | ૯૦૦ | ૧૧૩૭ |
| ચોળી | ૬૯૦ | ૧૬૧૪ |
| મઠ | ૯૪૨ | ૧૦૪૫ |
| વટાણા | ૩૩૦ | ૧૬૩૫ |
| કળથી | ૩૭૫ | ૪૦૫ |
| રાજમા | ૩૪૦ | ૧૫૯૫ |
| મગફળી જાડી | ૧૩૨૫ | ૧૫૪૫ |
| મગફળી જીણી | ૧૩૭૦ | ૧૫૫૮ |
| તલી | ૧૪૦૫ | ૨૧૬૦ |
| એરંડા | ૧૨૦૯ | ૧૨૫૮ |
| અજમો | ૧૫૦૦ | ૨૭૦૦ |
| સુવા | ૧૩૨૫ | ૧૬૭૧ |
| સોયાબીન | ૯૦૦ | ૧૧૧૨ |
| સીંગફાડા | ૧૧૫૦ | ૧૭૪૦ |
| કાળા તલ | ૩૧૦૧ | ૪૯૧૫ |
| લસણ | ૧૦૩૦ | ૧૪૫૫ |
| ધાણા | ૧૪૫૦ | ૨૦૦૦ |
| મરચા સુકા | ૩૦૦૦ | ૬૫૦૦ |
| ધાણી | ૧૬૦૦ | ૨૩૦૦ |
| વરીયાળી | ૯૭૪ | ૨૦૫૦ |
| જીરૂ | ૩૯૨૦ | ૪૪૮૪ |
| રાય | ૧૦૩૦ | ૧૪૨૦ |
| મેથી | ૮૬૦ | ૧૨૫૦ |
| ઇસબગુલ | ૧૪૦૧ | ૨૧૫૦ |
| રાયડો | ૯૮૦ | ૧૨૬૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૨૭૬ | ૫૩૭ |

| | | |
|---|---|---|
| પપૈયા | ૮૫ | ૧૪૫ |
| બટેટા | ૮૬ | ૧૭૯ |
| ડુંગળી સુકી | ૬૬ | ૨૯૫ |
| ટમેટા | ૧૨૧ | ૨૫૪ |
| સુરણ | ૬૧૧ | ૮૦૨ |
| કોથમરી | ૧૫૨ | ૨૦૯ |
| શક્કરીયા | ૩૨૬ | ૫૪૧ |
| મુળા | ૩૧૮ | ૫૧૧ |
| રીંગણા | ૩૨૭ | ૬૩૮ |
| કોબીજ | ૬૪ | ૧૧૭ |
| ફ્લાવર | ૧૭૯ | ૨૮૧ |
| ભીંડો | ૬૩૩ | ૯૮૨ |
| ગુવાર | ૮૮૨ | ૧૧૨૩ |
| ચોળાસીંગ | ૮૮૧ | ૧૩૩૬ |
| વાલોળ | ૪૦૭ | ૫૯૬ |
| ટીંડોરા | ૫૧૨ | ૧૦૨૧ |
| દુધી | ૧૬૩ | ૩૧૨ |
| કારેલા | ૭૧૪ | ૯૨૬ |
| સરગવો | ૭૨૭ | ૧૩૧૩ |
| તુરીયા | ૮૦૭ | ૧૦૭૭ |
| પરવર | ૧૬૨૧ | ૧૯૭૭ |
| કાકડી | ૨૨૩ | ૬૯૯ |
| ગાજર | ૨૧૧ | ૩૪૬ |
| વટાણા | ૩૧૨ | ૪૬૩ |
| તુવેરસીંગ | ૩૩૧ | ૫૧૨ |
| ગલકા | ૨૮૭ | ૭૬૯ |
| બીટ | ૧૧૮ | ૨૨૬ |
| મેથી | ૧૪૯ | ૨૧૧ |
| વાલ | ૫૧૭ | ૬૬૮ |
| ડુંગળી લીલી | ૨૬૬ | ૪૨૨ |
| આદુ | ૧૦૨૯ | ૧૨૬૯ |
| ચણા લીલા | ૧૧૯ | ૨૪૬ |
| મરચા લીલા | ૪૨૧ | ૬૨૩ |
| હળદર લીલી | ૪૫૩ | ૬૬૭ |
| લસણ લીલું | ૫૩૧ | ૮૮૮ |
| મકાઇ લીલી | ૧૬૧ | ૨૬૯ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૬૦ | ૩૦૦ |

| | | |
|---|---|---|
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૩૦ | ૩૦૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૮૦ | ૮૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૯૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૫૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| તુવેર | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૨૦૦ | ૮૦૦ |
| વટાણા | ૨૦૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૧૮૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૧૬૦૦ | ૩૬૦૦ |
| બટેટા | ૧૦૦ | ૨૫૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૭૦૦ |
| ડુંગળી પુરા | ૧ | ૫ |
| તાંજરીયા પુરા | ૧ | ૨ |
| કોથમીર પુરા | ૧ | ૩ |
| મૂળા પુરા | ૩ | ૮ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ચ્રૂણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૧ | ૫ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| સરગવો પુરા | ૧૦ | ૧૮ |
| ચોરા | ૨૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૧૦૦ | ૫૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૪૦૦ |
| લસણ પુરા | ૩ | ૧૦ |
| પાલક પુરા | ૧ | ૩ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૦૯૦ | ૧૫૩૫ |

| | | |
|---|---|---|
| શિંગ મોટી | ૧૦૫૫ | ૧૫૯૫ |
| શિંગ દાણા | ૧૨૦૦ | ૧૮૩૫ |
| શિંગદાણા ફાડા | ૧૪૪૦ | ૧૯૦૫ |
| તલ સફેદ | ૧૨૫૦ | ૨૧૭૦ |
| તલ કાળા | ૧૫૦૦ | ૩૧૦૦ |
| તલ કાશ્મીરી | ૧૯૪૫ | ૨૧૫૦ |
| બાજરો | ૬૨૦ | ૬૨૦ |
| જુવાર | ૪૫૦ | ૪૫૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૧૦ |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૫૫૦ |
| મકાઇ | ૩૩૫ | ૩૫૫ |
| ચણા | ૮૯૦ | ૧૦૯૦ |
| તુવેર | ૭૮૦ | ૧૫૭૫ |
| કપાસ | ૯૨૫ | ૧૬૧૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૫૦ |
| જીરૂ | ૨૨૧૦ | ૪૨૩૫ |
| રાય | ૧૧૪૦ | ૧૨૬૦ |
| ધાણી | ૧૬૦૫ | ૨૦૫૦ |
| નવા ધાણા | ૧૪૭૦ | ૧૬૦૦ |
| મેથી | ૬૬૦ | ૮૫૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૦૯૦ |
| મરચા લાંબા | ૧૪૦૦ | ૬૭૪૦ |
| કાંગ | ૫૧૦ | ૫૧૦ |
| નવી ધાણી | ૧૫૨૫ | ૨૧૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૫૦ | ૨૪૦ |
| રીંગણાં | ૬૨૦ | ૮૮૦ |
| ફુલાવર | ૨૨૦ | ૩૦૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૦૦ |
| શક્કરિયા | ૪૦૦ | ૪૮૦ |
| ટામેટા | ૧૫૦ | ૨૬૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૩૦૦ | ૩૬૦ |
| દૂધી | ૨૬૦ | ૩૧૦ |
| કારેલા | ૮૦૦ | ૯૩૦ |
| ગલકા | ૬૦૦ | ૭૦૦ |
| મૂળા | ૧૬૦ | ૨૬૦ |
| કાકડી | ૨૧૦ | ૫૯૦ |

| | | |
|---|---|---|
| ગુવાર | ૧૬૦૦ | ૨૨૦૦ |
| વાલોળ | ૩૨૦ | ૪૨૦ |
| વટાણા | ૪૦૦ | ૪૪૦ |
| ચોળા લીલાં | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૮૦૦ |
| આમળા | ૭૦૦ | ૧૦૦૦ |
| ચણા લીલાં | ૬૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૫૫૦ | ૭૫૦ |
| તુવેર | ૬૦૦ | ૭૨૦ |
| આદુ | ૧૧૨૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૨૫૦ | ૩૫૦ |
| મેથીભાજી | ૨૦૦ | ૨૫૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૫૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૨૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| વાલ | ૫૦૦ | ૬૦૦ |
| સરગવો | ૭૫૦ | ૧૦૧૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૧૧૦૦ |
| મરચા લાલ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૪૫૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૨૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૯૦૦ |
| લસણ સૂકું | ૬૫૦ | ૨૧૫૦ |
| પાલક | ૩૨૦ | ૪૦૦ |
| લીંબુ | ૩૫૦ | ૪૮૦ |
| મકાઇ | ૨૩૦ | ૩૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૦ | ૧૬૩૫ |
| કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૩૮૦ |
| મગફળી જી ૨૦ | ૧૧૮૦ | ૧૪૭૦ |
| ચણા | ૯૧૫ | ૧૦૭૫ |
| જીરૂ | ૩૧૩૫ | ૪૧૮૫ |
| ઘઉં | ૪૫૫ | ૫૪૫ |
| તુવેર | ૯૭૦ | ૧૪૫૦ |
| ધાણા | ૯૪૫ | ૧૭૭૫ |
| તલ સફેદ | ૧૬૨૦ | ૧૮૩૦ |
| **લીલીયા મોટા** | | |

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૯૦ | ૧૪૭૫ |
| કપાસ સી ગ્રેડ | ૯૬૩ | ૧૦૭૫ |
| તુવેર | ૭૪૫ | ૧૪૪૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૧૮૦ | ૧૩૦૦ |
| ઘઉં | ૩૬૫ | ૫૩૧ |
| તુવેર | ૧૦૧૫ | ૧૫૫૦ |
| ધાણા | ૧૬૦૧ | ૧૬૦૧ |
| તલ કાળા | ૩૭૦૦ | ૩૭૦૦ |
| તલ સફેદ | ૧૪૮૦ | ૧૪૮૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૨૫૦ | ૧૪૭૦ |
| મગફળી ૩૨ નં | ૧૧૭૦ | ૧૨૮૨ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૬૦૪ |
| ઘઉં | ૪૫૦ | ૫૩૩ |
| તુવેર | ૧૧૨૫ | ૧૬૭૮ |
| જુવાર | ૭૦૦ | ૧૧૪૮ |
| અડદ | ૧૦૫૦ | ૧૭૪૩ |
| સફેદ તલ | ૧૩૦૦ | ૧૮૪૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૧૯ |
| કપાસ | ૧૧૫૦ | ૧૪૫૦ |
| કાંગ | ૪૨૧ | ૫૭૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૦૪ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૪૨૫ |
| ઘઉં ટુકડા | ૫૧૩ | ૫૩૧ |
| ચણા | ૧૦૨૫ | ૧૦૪૫ |
| ધાણા | ૧૬૦૫ | ૧૭૩૦ |
| અડદ | ૯૨૦ | ૯૨૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૦૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૪૧૦ |
| તુવેર | ૯૦૦ | ૧૪૧૦ |
| શિંગ દાણા | ૧૩૦૦ | ૧૩૨૫ |
| ચણા સફેદ | ૯૪૦ | ૯૪૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| રાય | ૧૨૦૦ | ૧૨૦૦ |
| મગ | ૮૦૦ | ૧૬૦૦ |
| **ભેંસાણ** | | |

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૭૧ | ૧૫૮૬ |
| ઘઉં | ૪૦૧ | ૪૮૩ |
| ચણા | ૯૫૦ | ૧૦૬૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૪૮૧ |
| મગફળી | ૯૦૦ | ૧૨૯૬ |
| શિંગ ફાડા | ૧૫૦૧ | ૧૬૬૬ |
| ધાણા | ૧૨૦૧ | ૧૮૨૬ |
| સોયાબીન | ૯૧૧ | ૧૦૯૬ |
| **સાવરકુંડલા** | | |
| શિંગ-જીણી | ૧૩૦૦ | ૧૪૨૫ |
| શિંગ મોટી | ૧૩૦૦ | ૧૪૮૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૧૯૬૬ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૩૫૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૭૫ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૮૫ |
| બાજરો | ૪૦૦ | ૬૨૫ |
| જુવાર | ૯૦૦ | ૧૨૦૦ |
| અડદ | ૯૫૦ | ૧૪૦૧ |
| ચણા | ૯૩૦ | ૧૧૨૧ |
| તુવેર | ૧૨૪૦ | ૧૫૮૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૬૦ |
| ધાણા | ૧૩૫૦ | ૧૮૫૦ |
| સોયાબીન | ૯૩૦ | ૧૦૭૧ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૦૫૦ | ૧૧૨૫ |
| બાજરો | ૨૯૫ | ૪૧૦ |

| | | |
|---|---|---|
| ઘઉં | ૪૦૦ | ૫૧૭ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૭૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૧૦ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૫૪૫ |
| મગફળી જાડી | ૧૩૦૦ | ૧૪૮૦ |
| રાયડો | ૯૪૫ | ૧૧૫૦ |
| રાય | ૧૦૦૦ | ૧૩૨૫ |
| લસણ | ૯૦૫ | ૧૩૮૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૫ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૪૯૦ |
| અજમો | ૧૫૦૦ | ૫૨૦૦ |
| અજમાની ભુસી | ૨૦ | ૩૪૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૯૮૦ |
| મરચા | ૨૦૦૦ | ૬૮૦૦ |
| ડુંગળી | ૪૦ | ૨૮૫ |
| સોયાબીન | ૯૦૦ | ૧૧૧૩ |
| રાજમા | ૧૨૦૦ | ૧૬૯૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૮૦ | ૧૩૫૨ |
| કપાસ | ૧૧૪૧ | ૧૬૩૭ |
| બાજરો | ૩૩૫ | ૪૨૫ |
| ઘઉં ટુકડા | ૫૩૧ | ૫૭૫ |
| જુવાર | ૮૬૧ | ૧૧૧૧ |
| મગ | ૭૫૦ | ૧૨૦૦ |
| અડદ તુવેર | ૧૪૪૦ | ૧૪૪૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૬૦ |
| સોયાબીન | ૯૦૧ | ૧૦૫૩ |

....જીપ્સમ....
ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬

# ઍપ્સ્ટેઈન, અદનાન ખશોગી, પામેલા બૉર્ડેસ સત્તાના વિકૃતિ પોષકો !



વિચાર વલોણું



જયવંત પંડ્યા

અમેરિકામાં જ નહીં, સમગ્ર વિશ્વમાં જેની ફાઈલોથી ચારેકોર ચર્ચા છે તે ઍપ્સ્ટેઈન ફાઈલો વિશે કોઈને પૂરેપૂરી જાણ નથી તોય પોતે બધું જ જાણે છે તેવું ઘણા માને છે. આ ફાઈલો શું છે, તેની ચર્ચા કેમ છે? તેમાં નામોલ્લેખ છે તે બધા જ લોકો સેક્સ પાછળ પાગલ છે અને બાળ યૌન શૌષક છે તેવું માની લેવાયું છે.

એ તો સર્વવિદિત છે કે મદિરાલયમાં દૂધ પીનારા વિશે લોકો એ જ માનવાના કે એણે મદિરા પીધી હશે. આ જ રીતે ઍપ્સ્ટેઈન ફાઈલમાં અમેરિકાના પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ, તેમની પત્ની મેલાનિયા, પૂર્વ પ્રમુખ બિલ ક્લિન્ટન, માઈક્રૉસૉફ્ટથી જાણીતા બિલ ગેટ્સ, ગૂગલના સ્થાપક સર્ગી બ્રિન, એમેઝૉનના સ્થાપક જેફ બેઝોસ, સાઉદી અરેબિયાના મોટા ઉદ્યોગપતિ સુલતાન અહમદ બિન સલાયેમ, નૉર્વેની રાજકુંવરી મેટ્ટે મેરિટ, ઈંગ્લેન્ડના રાજકુંવર ઍન્ડ્રુ, તેની પત્ની સારાહ ફર્ગ્યુસન, દીકરીઓ બીટ્રિસ અને યુજીની, રાજકુંવરી ડાયેના, સ્વીડનની રાજકુંવરી સોફિયા, ટેસ્લા કાર કંપનીના સ્વામી ઈલોન મસ્ક, ગાયક માઈકલ જેક્સન, ફેશન મૉડલ નાઓમી કેમ્પબેલ, ફિલ્મ નિર્દેશિકા મીરા નાયર (જે હવે તેમના કટ્ટર ઈસ્લામી તેમજ ન્યૂ યૉર્કના મેયર ઝોહરાન મમદાનીની માતા તરીકે વધુ ઓળખાય છે), વૈજ્ઞાનિક સ્ટીફન હૉકિંગ્સ, યોગ અને આયુર્વેદના પ્રસાર માટે જાણીતા દીપક ચોપડાનાં અને વડાપ્રધાન મોદી, અનિલ અંબાણી, હરદીપસિંહ પુરી જેવાં ભારતીય નામોના નામો છે.

મૂળે તો જેફ્રી ઍપ્સ્ટેઈન, સૉફિસ્ટિકેટેડ રીતે ફાઈનાન્સર હતો પણ યથાર્થમાં તે દલાલ જ હતો. તેને અમેરિકાના પ્રમુખ, પૂર્વ પ્રમુખ, ઉદ્યોગપતિઓ, વૈજ્ઞાનિકો સાથે ઘરોબો રાખવો પસંદ હતો. તે આ રીતે એકબીજાને મેળવી કામો કરાવી આપતો હતો. પરંતુ તેના માટે તે વર્જિન નામના ટાપુઓ પૈકીના તેના એક ટાપુ પર અય્યાશીની પાર્ટીઓ રાખતો. નીચતા એ વાતે હતી કે તે તેમાં કુમળી વયની છોકરીઓ પૂરી પાડતો.

આ પાર્ટીઓમાં મોટી-મોટી હસ્તીઓ આવતી અને અય્યાશી કરતી. ઉર્દૂમાં કહે છે તેમ શરાબ, શબાબ અને કબાબની મોજ માણતી. ઍપ્સ્ટેઈનની ગર્લફ્રેન્ડ ઘીસલેન મેક્સવેલે એક બહેનપણીને કહ્યું હતું કે ટાપુ પર છુપા કેમેરાઓ રાખવામાં આવ્યા હતા. આ કેમેરાઓનો ઉપયોગ કરીને ઍપ્સ્ટેઈન અને મેક્સવેલ મોટી હસ્તીઓને બ્લેકમેઈલ કરવાની યોજના ધરાવતા હતા.

આમ તો, આ બધું છાનુંમાનું ચાલતું રહેત કારણકે આટલી સર્વોચ્ચ કક્ષાની વ્યક્તિઓ જ્યારે ઍપ્સ્ટેઈનની મહેમાન હોય ત્યારે ઍપ્સ્ટેઈનને હાથ કોણ લગાડી શકે? પરંતુ ૨૦૦૫માં એક માબાપે પોલીસને ફરિયાદ કરી કે તેની ૧૪ વર્ષની દીકરીનું યૌન શોષણ કરાયું છે. અમેરિકાની કેન્દ્ર સરકારના અધિકારીઓને આવી ૩૬ છોકરીઓ મળી જેનું ઍપ્સ્ટેઈને યૌન શોષણ કર્યું હતું. ઍપ્સ્ટેઈને અપરાધ સ્વીકારી લીધો. ૨૦૦૮માં ફ્લૉરિડા રાજ્યના ન્યાયાલયે તેને માત્ર બે જ અપરાધમાં દોષી જાહેર કર્યો. એક તો બાળકીને વેશ્યાવૃત્તિ માટે લાવવી અને બે, વેશ્યાને લલચાવવા માટે. તેના માટે તેને માત્ર ૧૩ મહિનાની જ સજા થઈ.

પણ આટલી મોટી પ્રભાવશાળી હસ્તી હોવાથી જેલ સત્તા પણ તેની સમક્ષ ઝૂકી ગઈ. અથવા કહો કે ઝૂકવું પડ્યું. તેને સપ્તાહમાં છ દિવસ માટે 'કામ માટે છોડી મૂકવા'માં આવતો હતો ! અને દિવસમાં ૧૨ કલાક તે જેલની બહાર રહી પોતાની ઑફિસમાંથી કામ કરી શકતો હતો ! તે તેની પોતાની ઑફિસમાં જઈ શકે, વેપારધંધો કરી શકે, અને આ બધો સમય તેના પર કોઈ નજર રાખવામાં ન આવે !

બોલો, આને સજા કહેવાય ?!

આ પછી છેક ૨૦૧૯માં એટલે કે અગિયાર વર્ષ પછી આ નરાધમ પોલીસની ઝપટે ચડ્યો. પરંતુ ૬ જુલાઈ ૨૦૧૯એ તેની ફરી ધરપકડ થઈ અને એક મહિનામાં એટલે કે ૧૦ ઑગસ્ટ ૨૦૧૯એ તો તેનું જેલમાં મૃત્યુ થઈ ગયું. ન્યૂ યૉર્કની ડૉક્ટર બાર્બરા સેમ્પસને જાહેર કર્યું કે તેણે ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. અનધિકૃત ચર્ચા તો એવી છે કે જેલમાં જ તેનો ઘડો લાડવો કરી દેવાયો, જેથી તે મોઢું ખોલી રહસ્યો જાહેર ન કરે.

> ઍપ્સ્ટેઇન, અદનાન ખશોગી અને પામેલા બોર્ડેસ વચ્ચે કઈ કડી છે? ઍપ્સ્ટેઇને પશ્ચિમનાં મોટાં માથાંઓની વિકૃતિને પોષી. કુમળી વયની છોકરીઓને હાથો બનાવી તેમનું જીવન નષ્ટ કરી નાખ્યું. પરંતુ નવાઈ લાગશે કે તેને પહેલી વખતે માત્ર ૧૩ મહિનાની જેલ થઈ હતી !

૨૦૨૪ની પ્રમુખ પદની ચૂંટણીમાં ડૉનાલ્ડ ટ્રમ્પે વચન આપ્યું હતું કે તેઓ ઍપ્સ્ટેઈન ફાઈલ જાહેર કરશે. ગત ૧૮ નવેમ્બર ૨૦૨૫ના દિને ઍપ્સ્ટેઈન ફાઈલ ટ્રાન્સપરન્સી કાયદો બન્યો. પરિણામે ગત ૧૯ ડિસેમ્બર ૨૦૨૫એ અમેરિકાના ન્યાય મંત્રાલયે થોડી જ માત્રામાં ઍપ્સ્ટેઈન ફાઈલો જાહેર કરી. તેથી તેની ટીકા થઈ. એટલે આ ૩૦ જાન્યુઆરીએ ૩૦ લાખ પાનાંઓ જાહેર કરાયાં છે. તેમાં ૨,૦૦૦ તો વીડિયો છે અને ૧.૮૦ લાખ ફૉટા છે !

આના પરિણામે મીડિયા ઍપ્સ્ટેઈનની ચર્ચાથી ભરપૂર છે. મીડિયા તો આ બધી મોટી તોપોને આવરે પણ સૉશિયલ મીડિયામાં તો વીડિયોની ક્લિપ સહિત લોકો મૂકી રહ્યા છે. વિશેષ તો યૌન શોષણની કુમળી પીડિતા જે આજે મોટી થઈ હોય તેમની વાતો, તેમના ઈન્ટરવ્યૂ વાઈરલ થયા છે. સૉશિયલ મીડિયા પર તો એવા દાવા થઈ રહ્યા છે કે આ લોકો એમ માને છે કે વિશ્વમાં જનસંખ્યા બહુ વધી ગઈ છે. અને જલસા કરવાનો અધિકાર આપણને જ છે. દુનિયાનાં સંસાધનો પર આપણો જ અધિકાર છે. તેથી લોકોને કીડીમંકોડાની જેમ મારી નાખવા જોઈએ. આથી આ ટાપુઓ પર ઘણાં બાળકોને મારી નાખવામાં આવતા હતા. એટલું જ નહીં, પણ ઉલટી થાય તેવી વાત તો એ છે કે સૉશિયલ મીડિયા પર દાવા મુજબ, આ બાળકોને મારીને તેમનું માંસ આ લોકો ખાતા હતા ! જો સાચું હોય તો આ કહેવાતા દિગ્ગજો કેવા વિકૃત કહેવાય.

આ દાવાઓ મુજબ, એટલે જ બિલ ગેટ્સ સહિત અમેરિકાના લોકોએ ચીનની વુહાન પ્રયોગશાળામાં કૉરોના વાઈરસ બનાવવાનું આઉટસોર્સિંગ કર્યું. બિલ ગેટ્સ સહિતના લોકોએ તેની રસી બનાવી અને આજે આ રસીના કારણે લોકો ટપોટપ હાર્ટ ઍટેકથી મરી રહ્યા છે. જોકે કોઈ સરકાર આવું કહેતી નથી કે રસીના કારણે લોકોના મૃત્યુ થઈ રહ્યા છે.

ઍપ્સ્ટેઈન ફાઈલમાં એવો દાવો કરાયો છે કે બિલ ગેટ્સને રશિયાની છોકરીઓ સાથે સેક્સથી 'એસટીડી' (ગુપ્ત રોગ) થઈ ગયો હતો (તે છોકરીઓમાંથી કેટલી જીવિત રહી હશે?) અને તેણે ઍપ્સ્ટેઈન પાસે એન્ટી બાયૉટિક્સ ઔષધિ માગી હતી. આ ઔષધિ (દવા) તેણે તેની તે સમયની પત્ની મિલિન્ડા ફ્રેન્ચ ગેટ્સ માટે માગી હતી. મિલિન્ડાને આ દવા તેની જાણ બહાર આપવાની હતી.

વડાપ્રધાન મોદીનું નામ અનિલ અંબાણી અને ઍપ્સ્ટેઈન વચ્ચે ઈમેઈલ અથવા સંદેશાઓમાં આવે છે. ડૉનાલ્ડ ટ્રમ્પ ચૂંટાયા પછી મોદી તેમનાં વર્તુળોમાં વરિષ્ઠ લોકો સાથે સંપર્ક કરીને બંને દેશો વચ્ચે સારા સંબંધો બનાવવા માગતા હતા, મોદી ચીનને પ્રથમ શત્રુ માનતા હતા અને પાકિસ્તાનને તેનું પ્યાદું. તેમણે ચીનને ઘેરવા માટે પણ આ સંપર્કો સ્થાપિત કર્યા હતા તેવું ઍપ્સ્ટેઈનની વ્હાઈટ હાઉસ પર પ્રભુત્વ ધરાવતા સ્ટીવ બેનન સાથેની વાતચીત પરથી ફલિત થાય છે.

હવે વાત વર્તમાન પેટ્રૉલિયમ અને કુદરતી વાયુ પ્રધાન હરદીપસિંહ પુરીની. તેમણે ઍપ્સ્ટેઈન સાથે જૂન ૨૦૧૪થી જૂન ૨૦૧૭ દરમિયાન સંદેશાવ્યવહાર કર્યો ત્યારે તેઓ મોદી સરકારમાં પ્રધાન નહોતા. તેઓ વિદેશ સેવામાંથી નિવૃત્ત થઈ ભાજપમાં જોડાયા અવશ્ય હતા. તેમણે ઍપ્સ્ટેઈનનો સંપર્ક ભારતમાં મૂડીરોકાણ લાવવા માટે કર્યો હતો.

પરંતુ આ સંદેશાવ્યવહારમાં યુરોપના લોકોનો ભારત તેમજ ભારતીયો પ્રત્યે કેવો ધિક્કાર છે તે પણ જોઈ શકાય છે. નૉર્વેના રાજદ્વારી ટેર્જે રોડ-લાર્સન અમેરિકાના મેનહટ્ટન સ્થિત થિંક ટૅંક ઈન્ટરનેશનલ પીસ ઈન્સ્ટિટ્યૂટના ઉપાધ્યક્ષ પણ હતા. ક્યાંય સીધો ઉલ્લેખ નથી પરંતુ મીડિયા અહેવાલો પરથી એવું લાગે છે કે પુરીએ ઍપ્સ્ટેઈન સુધી પહોંચવા માટે લાર્સેનનો સંપર્ક કર્યો હશે. આથી ટેર્જે રૉડ-લાર્સન અને ઍપ્સ્ટેઈન વચ્ચે સંદેશાવ્યવહારમાં ટેર્જે મજાકમાં કે સાચે જ એવું કહે છે કે "તમે એ કહેવત તો સાંભળી જ હશેઃ જો તમને ભારતીય અને સાપ મળે તો પહેલાં ભારતીયને મારી નાખો." અર્થાત્ ભારતીયો સાપ કરતાંય વધુ ભયાવહ હોય છે.

મજાની વાત એ છે કે ઍપ્સ્ટેઈન અબજોપતિઓની સંપત્તિ, વેરા, એસ્ટેટ પ્લાનિંગ વગેરે સંભાળવાનો ધંધો કરતા હતા. તેમના એક ગ્રાહકનું નામ છે અદનાન ખશોગી. કાન ચમક્યા ને? '૯૦ના દાયકામાં ખશોગીનું નામ મીડિયામાં બહુ આવતું હતું. રસપ્રદ ઈતિહાસને તાજો કરીએ.

સાઉદી અરેબિયાના અદનાન ખશોગી શસ્ત્રોના સોદાઓમાં વચેટિયા અથવા દલાલ તરીકેનું કામ કરતા હતા. તેમનું નામ એક કૌભાંડમાં આવ્યું હતું. ૧૯૮૦ના દાયકામાં અમેરિકાને ઈરાન સાથે સારું બનતું હતું. તે વખતે અમેરિકાના પ્રમુખ હતા રૉનાલ્ડ રેગન. તેમની સરકારે ખશોગી મારફતે ગેરકાયદે રીતે ઈરાનને શસ્ત્રો પૂરાં પાડ્યા હતા ! તે સમયે પણ ઈરાન પર શસ્ત્રો વેચવા પર અમેરિકાનો પ્રતિબંધ હતો, પણ મજબૂરી કા નામ! અમેરિકાએ આ શસ્ત્રો વેચીને ઉપજાવેલા ડૉલરમાંથી નિકારગુઆમાં વિદ્રોહીઓને નાણાં પૂરા પાડ્યા હતા !

આ અદનાન ખશોગી ૧૯૯૧માં ભારત આવ્યા ત્યારે ભારતના મીડિયા અને રાજકીય વર્તુળોમાં ભારે ઉથલપાથલ મચી ગઈ હતી. તે વખતે તેઓ વડાપ્રધાન ચંદ્રશેખરને તેમના દિલ્લી પાસેના ભોંડસી ખાતેના ફાર્મહાઉસમાં મળ્યા હતા. આ ઉપરાંત ત્યારે ચંદ્રશેખરની સરકાર કૉંગ્રેસના બહારથી ટેકાથી ચાલતી હતી. એટલે અદનાન ખશોગી રાજીવ ગાંધીને પણ મળ્યા હતા. આ ઉપરાંત તે સમયે કૉંગ્રેસમાં ખૂબ મહત્ત્વ ધરાવતા કહેવાતા સાંપ્રદાયિક (તેને ધાર્મિક ન કહી શકાય) ગુરુ ચંદ્રસ્વામીને પણ તેઓ મળ્યા હતા.

પૂણેના એક વેપારી હસન અલી ખાને ખશોગી માટે અનેક વાર કાળાં નાણાં સફેદ કરી આપ્યા હતા અને સ્વિસ બૅંકમાં જમા કરાવ્યા હતા. આથી ૨૦૦૭માં હસન અલી ખાન સામે તપાસ શરૂ થઈ હતી. પરંતુ ૨૦૧૧માં નાણા પ્રધાન પ્રણવ મુખર્જીએ જાહેરાત કરી હતી કે સ્વિસ બૅંકમાં હસનનાં બંને ખાતાંઓ ખાલી છે. ૨૦૧૨માં તેમણે કહ્યું હતું કે તેમની પાસેથી ચડી ગયેલા કરવેરા (જે લાખો રૂપિયા નહીં, અબજો હતા- રૂ. ૯૧૦ અબજ) શક્ય નથી !!

જોકે તે વખતે સરકારે એક નેતા પર દરોડો પાડ્યો હતો. આ નેતા બિહારના કૉંગ્રેસના પ્રવક્તા અમલેન્દુકુમાર પાંડે હતા અને તેમના પર આક્ષેપ હતો કે તેમણે હસન અલી ખાનને નકલી દસ્તાવેજો પર પટનાથી પાસપૉર્ટ પ્રાપ્ત કરાવવામાં અને સિંગાપોરમાં ખાતું ખોલાવી તેમાં કાળાં નાણાં જમા કરાવવામાં સહાય કરી છે. પાંડે હસન સાથે ૧૯૯૭માં ફ્લાઈટમાં સિંગાપોરની બૅંકમાં ખાતુ ખોલાવવા પણ ગયા હતા ! ખશોગી અને હસનની જેમ આ પાંડે પણ સત્તાના દલાલ હતા. તેઓ ઘણા પક્ષોમાં આંટો મારી આવ્યા હતા. એટલું જ નહીં, ૧૯૯૭માં તો આ અમલેન્દુકુમાર પાંડે તે સમયના વડાપ્રધાન ઈન્દ્રકુમાર ગુજરાલ જ્યારે વિદેશ પ્રધાન હતા ત્યારે તેમના વિશેષ ફરજ પરના અધિકારી (ઓએસડી) હતા.

ઍપ્સ્ટેઈનના ગ્રાહક અદનાન ખશોગી ઍપ્સ્ટેઈનની જેવી જ ચર્ચા એક સમયે થયેલી તે પામેલા બૉર્ડેસ કેસમાં પણ ઉલ્લેખ પામ્યા હતા. જૂની પેઢીના વાચક મિત્રોને સ્મરણ હશે કે ૧૯૮૦ના દાયકામાં, ભારતમાં જન્મેલી પામેલા બૉર્ડેસનું ઈંગ્લેન્ડના મોટા રાજનેતાઓ અને મોટા પત્રકારો સાથેનું સેક્સ કૌભાંડ ખૂબ જ ચર્ચાયું હતું. મૂળ નામ પામેલાસિંહ. તેનો જન્મ ૧૯૬૧માં દિલ્લીમાં થયો હતો. તેના પિતા મહેન્દ્રસિંહ ભારતીય સેનાના અધિકારી હતા ! પણ તે વેશ્યાવૃત્તિના રવાડે ચડી ગઈ.

ઈંગ્લેન્ડમાં એક વેશ્યાલય પ્રચાર અધિકારી (ઍપ્સ્ટેઈનની જેવા વચેટિયા/દલાલ) મેક્સ ક્લિફૉર્ડના ગ્રાહકોને વેશ્યાઓ પૂરું પાડતું. ક્લિફૉર્ડે વેશ્યાલયની કર્તાધર્તાને તેની છોકરીઓ અને ગ્રાહકો વિશે પૂછ્યું તેમાં પામેલાનું કૌભાંડ ખુલ્લું પડ્યું.

આવું વિદેશોમાં જ થાય છે તેવું રખે માનતા. ભારતમાંય આવું સામાન્ય છે. આસામમાં કૉંગ્રેસના શાસન દરમિયાન એપીએસસી (આસામ જાહેર સેવા આયોગ)ના અધ્યક્ષ રાકેશ પૌલે મહિલા અભ્યર્થીઓને નોકરીની લાલચ આપી તેમની સાથે શરીર સંબંધ બનાવ્યા હતા. રાકેશ પૌલે આસામના તે સમયના મુખ્ય પ્રધાન તરુણ ગોગોઈના દીકરા ગૌરવ ગોગોઈના લગ્નમાં સોનાની ચેઈન, વીંટી, બ્રેસલેટ ભેટમાં આપ્યા હતા તેવો આક્ષેપ સરકારી સાક્ષી બનેલા મૃગેન સાઈકિયાએ કર્યો હતો. મધ્ય પ્રદેશમાં ભાજપ શાસનમાં ૨૦૧૯માં પૂર્વ પ્રધાનો અને શક્તિશાળી રાજકારણીઓને 'હની ટ્રૅપ'માં ફસાવી બ્લેકમેઈલ કરી કરોડો રૂપિયા કમાવવા અને ટેન્ડરો-કૉન્ટ્રાક્ટ મેળવવાનું કૌભાંડ બહાર આવ્યું હતું.

પરંતુ ઍપ્સ્ટેઈનનું કૌભાંડ સૌથી ભયાવહ છે. તેમાં કુમળી વયની છોકરીઓનો ઉપયોગ કરાયો હતો અને દાવાઓ સાચા હોય તો, તેમને મારી નખાતી હતી. આ એ લોકો છે જે આખી દુનિયાને વશમાં રાખે છે, માનવાધિકાર અને નૈતિકતાના પાઠ ભણાવે છે. બિલ ગેટ્સ તો મોટા દાન આપનારા છે. સામાજિક પ્રવૃત્તિ કરનારા ગણાતા હતા. સ્ટીફન હૉકિંગ માટે ખૂબ માન હતું. તેમણે તેમની વિકલાંગતા પર જીત મેળવીને વિજ્ઞાનમાં અદ્ભુત પ્રદાન કર્યું હતું. આવું કૌભાંડ કોઈ કાળે ન ચલાવી લેવાય, પણ ઍપ્સ્ટેઈનનું જેમ જેલમાં ફીડલું વળી ગયું તેમ આ ફાઈલોની ચર્ચા પણ થોડા દિવસ પૂરતી ચાલશે પછી શાંત થઈ જશે. ■

jaywant.pandya@gmail.com

# ગદ્દાર અને વફાદાર, પક્ષ અને દેશ

રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

અમેરિકા પર નાઈન ઈલેવનનો આતંકવાદી હુમલો થયો ત્યારે જ્યોર્જ બુશ જુનિયર અમેરિકન પ્રેસિડેન્ટ હતા. હુમલા બાદ અમેરિકન પ્રેસિડેન્ટ દ્વારા આખી દુનિયાને સંબોધીને એક નિવેદન જાહેર કરવામાં આવ્યું હતું. એ વિધાન એ મતલબનું હતું કે આ આતંકવાદી હુમલા બાદ વિશ્વમાં આજે જે અમારી સાથે નથી એને અમે અમારી સામે ગણી લઈશું. વાત અને સંદેશ સ્પષ્ટ હતો કે જો તમે અમારી સાથે નથી તો તમને દુશ્મન તરીકે જોવામાં આવશે. આ ધમકી વિધેયાત્મક હતી. આખા વિશ્વને આતંકવાદ સામે એકજૂટ થવાની હાકલ હતી. ભારતમાં આજે કોંગ્રેસ પક્ષ એવું માનીને ચાલી રહી છે કે જે કોઈપણ કોંગ્રેસમાં નથી એ ગદ્દાર છે. કોંગ્રેસ છોડીને ગયેલા કે ઓલરેડી કોંગ્રેસની બહાર રહેલા બંને કક્ષાનો આમાં સમાવેશ થઈ જાય છે. સંસદના પરિસરમાં એક ઘટના બની ગઈ જે આ માનસિકતાની દ્યોતક છે. રવનીતસિંહ બિટ્ટુ પંજાબના પૂર્વ મુખ્યમંત્રી બેઅંત સિંહના પૌત્ર છે, જેમની આતંકવાદી હુમલામાં હત્યા કરવામાં આવી હતી. તેઓ પૂર્વ કોંગ્રેસી છે અને એક સમયે રાહુલ ગાંધીના નજીકના ગણવામાં આવતા હતા. હવે તેઓ ભાજપમાં છે અને રેલવે રાજ્યમંત્રી છે. બિટ્ટુ જયારે સંસદમાં પ્રવેશી રહ્યા હતા ત્યારે રાહુલ ગાંધી પોતાના સાંસદો સાથે એ દ્વાર પર દેખાવો કરી રહ્યા હતા. રાહુલ ગાંધીએ બિટ્ટુને જોઈને કહ્યું કે "જુઓ, એક ગદ્દાર આવી રહ્યો છે. મારા ગદ્દાર મિત્ર, ચિંતા ન કરો, પાછા આવી જાઓ." સામે બિટ્ટુએ પણ આકરો જવાબ આપતા કહ્યું કે, "આ લોકો દેશના દુશ્મન છે." રાહુલ ગાંધીએ હાથ મિલાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બિટ્ટુ હાથ મિલાવ્યા વગર સીધા સંસદની અંદર ચાલ્યા ગયા હતા. થોડા સેકંડની આ ઘટના દેશના વિપક્ષની અને વિપક્ષના નેતાની સામંતશાહી માનસિકતા ઉજાગર કરી ગઈ. દેશના વિપક્ષના નેતા દેશના એક કેન્દ્રીય મંત્રીને ગદ્દાર કહે એ ઘટના દેશના લોકતંત્રમાં પહેલી વખત બની છે. આ એક ઘટના થઈ.

હવે બીજી ઘટના જોઈએ. રાહુલ ગાંધીએ એક મેગેઝિનમાંથી એક કથિત અવતરણ ટાંકીને ચીનના મુદ્દા પર સરકાર પર આક્ષેપ કર્યો. એમણે દાવો કર્યો હતો કે આ નિવેદનો નરવણેના કથિત પુસ્તકનો ભાગ છે, જે હજુ સુધી પ્રકાશિત થયું નથી. એમનું માનવું છે કે ચીને ભારતની જમીન હડપ કરી લીધી છે. અ દેશની સુરક્ષાનો મુદ્દો છે. આ મેગેઝીનના અવતરણને લઈને રાહુલ ગાંધીએ ચાર દિવસ સંસદ ઠપ્પ કરી દીધી. દેશના સર્વોચ્ચ ગૃહને પોતાની એક હઠ હેઠળ બાનમાં લઈ લેવામાં આવી. જે બુકનો ઉલ્લેખ કરીને દેશની સંસદ ચાલવા દેવામાં ન આવી, એ બુકના લેખક પૂર્વ જનરલ નરવણેનું જ એક વખતનું નિવેદન છે કે એક ઈંચ પણ જમીન ગુમાવવામાં નથી આવી. આ મેગેઝીનને ટાંકીને વિપક્ષ દ્વારા વડાપ્રધાનની સમક્ષ ઘસી જઈને ઉગ્ર વિરોધ દ્વારા એમનું ભાષણ અટકાવવામાં આવ્યું. ત્રીજી ઘટના અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું એક ટ્વીટ છે. ટ્રમ્પ દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે ભારત અમેરિકાની શરતો પર ટ્રેડ ડીલમાં સહમત થઈ ગયું છે. હકીકત એ છે કે અમેરિકન ટેરિફ મુદ્દે ભારત વિશ્વનો એકમાત્ર દેશ છે જેણે પોતાની શરતો પર અમેરિકા સાથે સમાધાન કર્યું છે, અમેરિકન સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોને એક વખત ભારત તરફથી એવો સંદેશ પાઠવી દેવામાં આવ્યો હતો કે ભારત ઝુકશે નહિ અને અમે ટ્રમ્પનો આ શાસનકાળ પૂરો થવાની રાહ જોઈ શકવા સુધીની ધીરજ ધરાવીએ છીએ. વડાપ્રધાને પણ અનેકો વખત દોહરાવ્યું છે કે કોઈપણ ટ્રેડ ડીલ કરતા ભારતનું અહિત નહિ થવા દેવામાં આવે. સરેરાશ ભારતીય વડાપ્રધાનની આ વાતમાં ભરોસો રાખે છે. ઈંગ્લેન્ડ, ઓમાન, ન્યુઝીલેન્ડ, યુરોપ અને અમેરિકા એમ પાંચ ટ્રેડ ડીલ ભારતે પાંચ મહિનાના ટૂંકા ગાળામાં કરીને આખા વિશ્વના આર્થિક જગતને અચંબામાં મૂકી દીધું છે. આજે વિશ્વના દેશો ભારતથી આકર્ષિત છે. આગળ વધવા માટે ભારતને પોતાના લાંબાગાળાના ભરોસામંદ ભાગીદાર તરીકે જોઈ રહ્યા છે. કોંગ્રેસથી હજમ ન થાય એવી સ્થિતિ તો એ છે કે વ્યુહાત્મક વિદેશનીતિ થકી આજે રૂસ, અમેરિકા અને યુરોપ ત્રણે મહાસત્તાઓ સાથે ભારત ભાગીદાર છે.

આજે ભારતના ઘણા રાજકીય પક્ષોના મુખિયાઓ વૈચારિક દરિદ્રતાના શિકાર છે. એમની રાજકીય નિષ્ફળતાઓ ઘોર નિરાશામાં પરિણમી ચૂકી છે. દેશના વડાપ્રધાન માટે આટલી નિમ્ન કક્ષાની ભાષાનો ઉપયોગ પહેલા ક્યારેય થયો નથી. રાજકીય વિરોધ એક બાબત છે અને દેશહિત બીજી બાબત છે. દેશહિત આગળ અંગત ગમા-અણગમા કોરાણે હોય છે. દેશની સંસદમાં ચૂંટાઈને ગયેલા દરેક સદસ્યના પદની એક ગરિમા હોય છે. કોઈ માત્ર એટલા માટે ગદ્દાર નથી બની જતો કે એ એક વખત તમારી સાથે હતો અને આજે તમારી સામે છે.

ક્વિક નોટ - ઓમ બિરલાએ કહ્યું, "ગઈકાલે ગૃહના નેતાએ (વડાપ્રધાન) રાષ્ટ્રપતિના અભિભાષણ પર જવાબ આપવાનો હતો તે પહેલાં મને જાણકારી મળી કે કોંગ્રેસ પાર્ટીના અમુક સાંસદો વડાપ્રધાનના આસન પર પહોંચીને કોઈ અણધારી ઘટનાને અંજામ આપવાના છે. જો આ ઘટના બની હોત દેશની લોકતાંત્રિક પરંપરાઓ છિન્નભિન્ન થઈ ગઈ હોત."

તેમણે આગળ ઉમેર્યું, "જેથી મેં વડાપ્રધાનને આગ્રહ કર્યો કે તેમણે ગૃહમાં ન આવવું જોઈએ. ગૃહના અધ્યક્ષ તરીકે મારી જવાબદારી હતી કે ગૃહની ઉચ્ચ પરંપરાઓ અને ગરિમાને અક્ષુણ્ણ રાખવામાં આવે. ગૃહના નેતા ન બોલી શકે એ ક્યારેય યોગ્ય નથી. તેમણે મારી વાતનું માન રાખીને ઉપસ્થિત ન રહીને ગૃહને એક અપ્રિય ઘટનાનું સાક્ષી બનતાં અટકાવ્યું. હું વડાપ્રધાનનો આભાર વ્યક્ત કરું છું." ('ઓપ ઈન્ડિયા'માંથી સાદર....) ■

production@infiniumpharmachem.com

# સાચી માનવતા કઈ છે?

હાસ્યાય નમઃ



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

૧) જૂનું તેટલું સોનુ તો નવું તે?
રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)
ચાંદી.

(૨) મોબાઈલ ફોન સારો કે લેન્ડલાઈન ફોન સારો?
રાજેશભાઈ ડણાંક (અમરેલી)
જૈસી જીસ કી સોચ.

(૩) ભજનમાં જે ભાઈઓ મંજીરા વગાડતા હોય છે તેમના લગ્ન થવામાં અડચણ કેમ ઉભી થાય છે?
જીગર યાદવ (ગુરુ) (દાત્રાણા-પાટણ)
એવું કોણે કહ્યું? મેં એકપણ મંજીરવાળો કુંવારો રહી ગયો હોય એવું સાંભળ્યું નથી.

(૪) હું ફિલ્મગીત જોતો હોઉં ત્યારે ઘણીવાર કલાકારો બહુ મોટા દેખાય અને ક્યારેક નાના દેખાય છે. એનું કારણ શું હશે?
ધવલભાઈ પાનવાળા (રાજકોટ)
તમે ક્યારેક ટીવીમાં ગીત જોતા હશો અને ક્યારેક મોબાઈલમાં.

(૫) મારામાં બહુ જ સહનશક્તિ છે. તો મને જિંદગીમાં શું ફાયદો થશે?
રામભાઈ પટેલ (સુરત)
તમે લગ્નજીવનમાં સુખી થશો.

(૬) સાહેબ સ્ત્રી અને ઈસ્ત્રી બંને ગરમ થાય તો આ બંનેમાં ફરક શું?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)
ફરક શોધવા કરતા બન્ને ઠંડા પડે એવા પ્રયત્નો હાથ ધરો એ વધારે અગત્યનું છે.

(૭) સાહેબ..! ડોશીમાનો ડાબલો એટલે શું..?
ધોરાજીયા ચંદ્રકાન્ત એન. (સાજણટીંબા)
ડોશીમાનાં બાબલાનો બાબલો.

(૮) પરણવા છોકરાઓ જ કેમ જાય, છોકરીઓ કેમ નહીં?
ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
આવો સવાલ છોકરાઓને પરણી લીધા પછી જ આવે છે.

(૯) "હવે ઉઠો. ચા- ભાખરી ઠંડી થઈ જાય છે." શિયાળાની સવારે પત્નીને આનો જવાબ તમે શું આપો છો ?
કનુભાઈ પરમાર (દામનગર)
આવો સવાલ ઉપસ્થિત જ નથી થતો. આપણે જ ચા રેડી થાય એ પહેલાં જ રેડી થઈને રસોડા સામે બેસી જવાનું!

(૧૦) કો'ક ખીજાય તો આંખોમાં આંસુ કેમ આવતા હશે?
કટારીયા આશા હિમ્મતભાઈ (કીડી)
ખીજાવાવાળાને ખીજાતા બંધ કરવા માટે.

(૧૧) મીઠું ખારું છે છતાં મીઠું કેમ બોલાય છે?
બાલુભાઈ કિકાણી (લીલીયા મોટા)
મીઠાને માઠું ન લાગે એટલે.

(૧૨) સાચી માનવતા કઈ છે?
હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)
હું તમારા ઘેર આવું અને તમે પરાણે જમવા બેસાડી દો એ.

(૧૩) વરને રાજાનું બિરુદ કેમ મળ્યું?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
છેલ્લી ઘડીએ એ પરણવાનો વિચાર પડતો ન મૂકે એટલા માટે

(૧૪) ગુરુ અને ગોવિંદ બન્ને ઊભા હોય તો પહેલા પગે કોને લાગવું? જય દવે (ભાવનગર)
ગમે એને લાગવું પણ હાઈ હેલ્લો કહીને ભાગવું નહી.

(૧૫) પનીરટીકા અને સાયટિકા વચ્ચે શું તફાવત?
રમાબેન પટેલ (અમદાવાદ)
બાલવાટિકા અને એન્ટાર્કટિકા વચ્ચે હોય એટલો. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# વિશ્વામિત્ર જેવા વિદ્વાનને વ્યાકુળ કરનારી આ મેનકા



અનેક લોકો અત્યારે સુખ લેવાનો મોકો જતો કરીને એમ માને છે કે બસ આટલું કામ કરી લઉં પછી હાશ નિરાંતેથી જિંદગીની મોજ મોજ માણીશું. મોટે ભાગે આ લોકો પર જુની પેઢીના સંસ્કારો સવાર છે. આવું જે લોકો વિચારે છે તેઓ મોજથી બહુ દૂર રહી જાય છે. એવી મોજ કદી એમને મળતી નથી. કારણ કે સુખ શેરડીના સાંઠા જેવું છે. એ કંઈ એક સાથે ગળી ન શકાય. એની નાની નાની ગંડેરી બનાવવી પડે. બચત જેવું છે. ટીપાં અને સરોવરનો સંબંધ છે અથવા કાંકરા અને પાળ જેવું છે. એકસાથે તો કંઈ થતું નથી. સમય પણ ક્ષણક્ષણમાં રચાયેલો છે. પ્રતિક્ષણનું સુખ એ જ ખરું સુખ છે. ક્યારેક લોકો બધું જ બરાબર કરે છે પણ સુખ લેવાનું ભૂલી જાય છે. એવું નથી કે એમને સુખની કંઈ પડી નથી. પણ તેઓ એમ માને છે કે બસ આ બધું હું સુખ માટે તો કરું છું, પછી સુખ મળવાનું જ છે ને ! વરસનો નાનો ઘટક એટલે કે એકમ દિવસ છે. દિવસ સુખ ન આપે તો વરસ પાણીમાં જાય. લોકો પોતાનું નવું વરસ સારું જાય એ માટે દીપાવલીના તહેવારોમાં ઊંચી મનોકામનાઓનું કપોતકળાએ સેવન કરે છે.

પણ પછીથી એવી દડમજલમાં પડી જાય છે કે તેઓ ભૂલી જ જાય છે કે તેમના હૃદયનું પરિપોષણ આનંદથી જ થાય છે. એ આનંદ કોઈને પિયાનો વગાડવામાંથી મળે તો કોઈને દયનીય બાળકોને ભોજન કરાવવામાંથી મળે. કલા કે પરમાર્થમાંથી આનંદ મળે પણ સ્વાર્થમાંથીય આનંદ મળે. સંતો ભલે એને તામસિક કહે. લોભીને એક પાઈ કે એક કરોડમાંથી આનંદ તો સરખો જ મળે. જેમ મહાન અભિનેતાને જેટલો આનંદ રાજા તરીકેનો અભિનય કરવામાં મળે, એટલો જ આનંદ રંક હોવાનો અભિનય કરવામાં મળે. આત્માને આનંદની તરસ હોય છે. તપસ્વી વિશ્વામિત્ર કે જેમણે ગાયત્રી મંત્રની રચના કરી જે વાસ્તવમાં એક મહાન સૂર્યસ્તુતિ છે અને ગાયત્રી તો છંદનું નામ છે, એ અને એવી અનેક ઉપાસનાઓ કર્યા પછી અને મહાન ધનુર્વિદ્યા આત્મસાત કર્યા પછી પણ એમની આનંદ માટેની તરસ અધૂરી રહી. અધૂરી તરસ સમસ્યા સર્જે છે. તપશ્ચર્યામાં વિશ્વામિત્ર ઈન્દ્રનું આસન ડોલાવવા લાગ્યા તોય તેઓ સ્વયં પરિતૃપ્ત ન હતા. એટલે આનંદની શોધ તો ભીતર ચાલુ જ રહી. પરિણામ એ આવ્યું કે અધૂરી સાત્વિક તરસની પરિપૂર્તિ કરવા તેઓ અપ્સરા મેનકા તરફ તણાયા, નિઃસહાય રીતે એમના હૃદયરંગ એ તરફ વહેવા લાગ્યા.

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

આ ઘટનાને શાસ્ત્રોએ ઋષિના તપોભંગ તરીકે વર્ણવી છે. મેનકા અતિ સુંદર તો હતી જ પરંતુ વિશ્વામિત્રની આંખે તો એ હતી એથીય સુંદર લાગતી હતી. વિશ્વામિત્રના પ્રણયને જ જાણે કે ન્યાય આપતા હોય એમ કવિવર ટાગોરે લખ્યું છે કે અરૂપ રત્નો પામવા માટે હું રૂપના સાગરમાં ડૂબકી મારું છું. વિશ્વામિત્ર અસામાન્ય પ્રતિભાના માલિક હતા. મેનકા મિલન પછી પણ દેવોની સભામાં તેમની પ્રતિષ્ઠા રજમાત્ર ઓછી થઈ ન હતી. અયોધ્યાના રામરાજ્યનું નિર્માણ કરનારા બે ઋષિઓ હતા. વશિષ્ઠ અને વિશ્વામિત્ર. એમાં વશિષ્ઠ અવિચલિત ચરિત્ર ધરાવતા હતા.

વિશ્વામિત્ર પણ હતા તો એવા જ, છતાં આનંદના ભ્રમમાં તેઓ સરી પડ્યા. એટલે કે માત્ર આનંદ એ જીવનનો ઉપક્રમ નથી, એમાં પરિતોષ પણ હોવો જોઈએ. વિશ્વામિત્ર તપ અને ધ્યાનમાં તો સાક્ષાત આનંદમૂર્તિ જ બની જતા હતા પરંતુ એનાથી એમને અસંતોષ હતો. એ અસંતોષે જ એમને રાજર્ષિમાંથી બ્રહ્મર્ષિ બનતા અટકાવ્યા. સંતોષ તો સ્વયં આનંદનું રૂપ છે. સંતોષ એક પૂર્ણ વિરામ છે, પરિપૂર્ણતા છે. ત્યાં જે અંત આવે છે તે રઝળપાટનો છે. મનને ભટકવું ગમે છે તેની અમોઘ ઔષધિ સંતોષ છે. પૃથ્વી પર પ્રાપ્તિના વિકલ્પોનો કોઈ અંત નથી અને અંત છે તે અંતઃકરણનો સંતોષ છે. રાજાઓના જમાનામાં એક સોનામહોરથી સંતોષ પામનારા વિદુર જેવા વિદ્વાનો હતા અને લાખો સોનામહોરથીય જેમની ધનભૂખ ભાંગતી ન હતી તેવા રાજનીતિજ્ઞો પણ હતા.

ધનભૂખ જિંદગીની સર્વ નિરાંતને હણી લે છે અને એ વધુ ને વધુ પ્રજ્વલિત થઈ જાતકને અનેક ઉત્પાત કરાવે છે. સંતોષ કોઈ કળા નથી, એક સંસ્કાર છે. ઉછેરની પરંપરામાં જો એ સમાવિષ્ટ હોય તો જ ઘરની નવી પેઢીમાં જોવા મળે છે. આપણે ગુજરાતીઓ છીએ એટલે આપણા ઘરમાં જેટલી વાત લક્ષ્મીલાલસાની હોય એટલી સંતોષની ન હોય. પણ સંતોષના સંસ્કાર દાખલ કરવા રહ્યા. એના વિના સંતાનોને જિંદગીની અસલ મહેંક નહિ મળે. ■

**વિશ્વામિત્ર તપ અને ધ્યાનમાં તો સાક્ષાત આનંદમૂર્તિ જ બની જતા હતા પરંતુ એનાથી એમને અસંતોષ હતો. એ અસંતોષે જ એમને રાજર્ષિમાંથી બ્રહ્મર્ષિ બનતા અટકાવ્યા**

# આરતી ટાણે રાવજીભાઈ ગાડું લઈને આવ્યા



## રાગ - વૈરાગ - ૯

લઘુનવલકથા

યોગેશ પંડયા

'એ શક્ય જ નથી. રસ્તો સારો નથી. બસ ખૂંપી જશે એની જવાબદારી....?" ડેપો મેનેજરે આનંદ સામે દ્રષ્ટિ માંડી વેધક નજરે જોયું.:" બોલો, આ જવાબદારી કોણ લેશે?..' અને પછી કટાક્ષપૂર્વક હસતા કહ્યું:"તમે લેશો??"

'બસ ક્યાંય નહીં ખૂંપે. કદાચ ખૂંપી જશે તો એની જવાબદારી અમારી છે.'

'તમે બહુ મોટું સાહસ ખેડી રહ્યા છો.'

'હા, સાહેબ અમારા લોહીમાં છે.'

'..પણ રસ્તો ચીકણો છે. કાળી માટી છે. જીપ માંડ આવી શકી.''

'છ કિલોમીટર માટે શું કામ બે મહિના લંબાવો છો સાહેબ? ગામમાં ડિલિવરીના કોમ્પ્લિકેટેડ કેસ હોય છે, દવાખાનાના દર્દી હોય છે. ખૂબ મુશ્કેલી પડે છે. બસ ચાલુ કરો તો આશીર્વાદ મળશે. અમસ્તી તમે રામગઢ સુધી તો બસ લાવો જ છો. એક આ છ કિલોમીટરનો ગાળો.'

''તમે સમજતા નથી, રસ્તો ખરાબ છે. બસનો વીમો છે. અમે માંડ માંડ અહીં સુધી પહોંચ્યા.'

'જુઓ સાહેબ, રસ્તાની મુશ્કેલી નહીં રહે. રસ્તો રિપેર કરી નાખીશું અને ખાડા-ખાબોચિયા જે કાંઈ રસ્તા વચ્ચે આવતું હશે તે પુરાઈ જશે.'

'તમે કરશો?'

''તમારે કામ સાથે મતલબને, પંદર દિવસ પછી તમે આવજો. રસ્તો સારો થઈ ગયો હશે. અમે શક્ય એટલી ઝડપથી સારો કરી નાખીશું. આજે મંગળવાર છે પંદર દિવસ પછી ચેક કરી જવા વિનંતી છે. મને આશા છે કે બસ અમારા રસ્તા ઉપર માત્ર ચાલશે જ નહીં, કિન્તુ દોડશે.'

ડેપો મેનેજર કટાક્ષભર્યું હસ્યા, 'જોઈશ કે તમે વાતો જ કરો છો કે કામ પણ કરો છો.' કહી તે જીપમાં બેઠા.

'ઊભા રહો સર... ચા-પાણી.'

'ના,' કહી તેમણે ડ્રાઈવરને જીપ ચાલુ કરવાનો આદેશ આપ્યો. આનંદ નજીક આવ્યો અને કહ્યું, 'આપણી વચ્ચે કોઈ વ્યક્તિગત વાંધો નથી. હું જે કંઈ કરી રહ્યો છું એ માત્ર ગામ માટે જ કરી રહ્યો છું, પણ આમાં તમારો સહકાર મળી રહે એવું જરૂર ઈચ્છું છું અને એવી અપેક્ષા રાખું છું. મળશેને સર?'

ડેપો મેનેજરે જાણે કંઈ જ ન સાંભળ્યું હોય એમ માથું ધુણાવી ચાલ્યા ગયા. આનંદ ચાલી જતી જીપને તાકી રહ્યો. અને પછી એકઠી થયેલી મેદની તરફ એક દૃષ્ટિ નાખી પછી સરપંચને ઉદેશીને કહ્યું, ''તમે ચિંતા ન કરો. આપણે શું કરવું એ હવે વિચારવાનું છે. બસ તો એકસો દસ ટકા ગામમાં આવશે જ.' કહી આનંદ ચંદ્રકાન્તભાઈ સાથે નીકળી ગયો.

આનંદ ઘરે આવ્યો ત્યારે સાંજ પડી ચૂકી હતી. વહેલી સવારે એને ઘરે નીકળવાનું હતું. સામે ડેપો મેનેજરને પંદર દિવસમાં રસ્તો કરી આપવાની મુદત આપી હતી. દરમિયાન પોતે ઘરે ચાલ્યો જવાનો હતો. અને અહીં રોકાય તો પોતે કરી પણ શું શકે? બસ ચાલુ થાય એ જરૂરી હતું જ, પણ અસંભવ શક્યતાને શક્ય બનાવવાની હતી. શો રસ્તો કાઢવો? વિચારોમાં ને વિચારોમાં તેણે મગજને બહુ દ્રવ્યું બહુ દ્રવ્યું પણ કોઈ નક્કર પરિણામ હાથ ન જ લાગ્યું.

આરતી ટાણે રાવજીભાઈ ગાડું લઈને આવ્યા. આનંદને જોઈને નવાઈ લાગી. નહીંતર તો આનંદ બહાર લટાર મારવા નીકળી ગયો હોય. સાથે જ વાળું કરવા બેઠાં, આનંદે વાત છેડી, 'રાવજીભાઈ, ઘરેથી કાગળ આવ્યો છે. રજા આવે છે. બાપુજીએ તેડાવ્યો છે. હું આવતીકાલે સવારે નીકળું છું.'

'..પણ બળેવને દી' લાડવા ખાઈને જ નીકળજોને.' રાવજીભાઈ બોલ્યા.

આનંદથી રાવજીભાઈ સામે અને રૂપા સામે જોવાઈ ગયું. પિતાની લાગણીને માન આપી આનંદ હા પાડે એવું એ ઈચ્છતી હતી. આનંદે રૂપાના ભાવ પારખી લીધા. તેણે કહ્યું, 'હું રોકાઈ જાઉં રાવજીભાઈ, પણ બળેવે અમારે જનોઈ બદલવાની હોય એટલે જવું પડે.'

''ના, ના તો તો તમતમારે જાવ.''

'આવતી બળેવ અહીં કરીશ, બસ.....' આનંદે રૂપાના ઉદાસ ચહેરા તરફ દૃષ્ટિ નાખી હસીને કહ્યું અને ઘડીક ગપ્પા મારીને તે મેડે જતો રહ્યો. સૂતો પણ ઊંઘ ન આવી. બહુ મોડી રાતે ઊંઘ આવી. સાડાચારે તો રાવજીભાઈએ જગાડયો પણ ખરો. દિનચર્યા પતાવી તૈયાર થયો ત્યારે છ થઈ ગયા. એ ચંદ્રકાન્તભાઈને મળવા ગયો. મળીને આવ્યો તો રાવજીભાઈ અને કંકુબહેન વાડીએ જવા નીકળી ગયા હતા.

બેગ લઈને આનંદ મેડેથી ઊતર્યો. રૂપા, ઢાળિયામાં જ ઊભી હતી. એ રૂપા સામે જોઈને હસ્યો, પણ રૂપા ન હસી. કદાચ ન હસી શકી. બોલી પણ નહીં. આનંદ ઊભો રહ્યો. તેને અપેક્ષા હતી કે રૂપા કશુંક બોલે, પણ..ના. આનંદે ડેલાની બહાર પગ મૂક્યો. આનંદે પાછું ફરીને જોઈ લીધું. રૂપા જડવત્ ઊભી હતી. આનંદ શેરી વળોટી સ્ટેશનના મારગે ચાલતો થઈ ગયો. રૂપા મેડે ચડીને તેને જોતી રહી અને પછી કોણ જાણે શું થયું કે દાદરાના પગથિયે જ બેસી પડી.

ટ્રેન દોડતી હતી અને આનંદ રૂપાના વિચારોમાં હતો. સતત ત્રણ કલાકની મુસાફરીમાં રૂપાનો વિલાયેલો ચહેરો અને ઉદાસ આંખો તેની નજર આગળથી ખસતાં નહોતાં.

રૂપા સાથે એટલી બધી પ્રગાઢ લાગણી બંધાઈ ગઈ હતી કે રૂપાને ન જોતો તો તેનું મન ' રૂપા, રૂપા....' પોકારી ઊઠતું હતું. બંને વચ્ચે જે કંઈ લાગણી, ભાવના કે પ્રીતિ હતી તે સંબંધને કોઈ નામ ન હતું, પણ રૂપાએ તેને જીતી લીધો હતો. નામ વગરનોય સંબંધ બંને જુવાન હૈયાઓને સંવારતો રહ્યો હતો.!!

રૂપાના વિચારોએ ઘર આવ્યુ ત્યાં લગી કેડો ન મૂક્યો. બરાબર એકદોઢ વાગ્યે ઘેર પહોંચ્યો ત્યારે ક્યારનીય રાહ જોતી બા બારણામાં જ ઊભી રહી. તેણે ખડકીમાં પગ મૂક્યો ને બાનું મુખારવિંદ ખુશીથી છલકાઈ ઊઠ્યું. મા-દીકરાની આંખો ચાર થઈ ગઈ ને નિર્મળાબહેનની આંખોમાં ઝળઝળિયાં આવી ગયા. આનંદ પગે લાગ્યો ને છાતીસરસો ચાંપતાં હૈયે હરખની હેલી ચડી, 'આવી ગયો ભાઈ?'

' હા..'

'કેમ છે તારી તબિયત?' નિર્મળાબહેને આંખોમાં આવેલી ભીનાશને સાડલાના છેડાથી લૂછી.

'એકદમ સરસ હોં બા.'

'ક્યારે નીકળ્યો'તો?'

'સવારે સાડાસાતે.'

'તો તો ભૂખ બરાબરની લાગી હશે બેટા...' ' કહેતાં નિર્મળાબહેન પોતાના લાલને ધારી ધારીને જોઈ રહ્યા. ના, દૂબળો નહોતો પડ્યો. શરીર ઊલટાનું સારું થયું હતું. વાન પણ ઊઘડ્યો હતો અને ચડતી જુવાની હવે દેખાઈ રહી હતી. નિર્મળાબહેને આનંદને પૂછ્યું, 'ચા કરુંને ભાઈ?'

'થોડીક જ બનાવજે, બા.'

નિર્મળાબહેન રસોડામાં ગયા અને આનંદની નજર પોતાના ઘરને ચારેય ખૂણે ફરી વળી. કશુંક નવું નવું લાગતું હતું. આંખોને લાગતો આ ફેરફાર પકડી શકાયો નહીં, પણ છતાં તેને થયું કે બધું પહેલાંની જેમ પોતીકું કેમ નથી લાગતું?

પેલો તુલસીનો છોડ, ગુલમહોર, બદામ, કરેણ અને સૂરજમુખી..તે નીચેના બેય ઓરડા જોઈ વળ્યો. ઘર એ જ હતું. આંગણ એ જ હતું. છતાં પણ...બધું જ બદલાયેલું બદલાયેલું લાગતું હતું!

તેણે બુશર્ટ કાઢી નાખ્યો. પેન્ટ- બનિયાનભેર ખાટ ઉપર લંબાવ્યું. પગના ઠેકે તે હીંચકવા લાગ્યો. એટલામાં જ બા ચા લઈને આવી. તેણે બેઠાં થઈને ચા પીધી. ચાનો કપ હાથમાં પાછો લેતાં નિર્મળાબહેને પૂછ્યું,

''તારે શું જમવું છે, એ બોલ.'

''જે બનાવ્યું હોય એ હું ખાઈ લઈશ બા.'

'એમ નહીં, તું કહે એ બનાવી દઉં.'

'અરે, તું પણ ખરી છો. હું ગમે તે જમી લઈશ. બોલ, શું બનાવવું છે?'

'રીંગણ-બટેકાનું શાક, કઢી-ભાત, બાજરાનો રોટલો બનાવ્યો છે, આજે તો.'

'તું કહે તો રોટલી બનાવી દઉં.'

'ના, આ બધું જ ચાલશે. અરે, ભાવશે.'

'શીરો બનાવી દઉં?' નિર્મળાબહેન પૂછ્યાં વગર ન રહી શક્યા. કારણ કે તેમને ખબર હતી કે પોતાના લાલની પ્રિય વાનગી શીરો અને લાપસી છે. હમણાંથી તો કેટલા દિવસથી પોતાના લાલે આ પ્રિય વાનગી મોઢામાં નહીં મૂકી હોય.

એ આનંદના જવાબની પ્રતીક્ષામાં તેની સામે તાકી રહ્યા. આનંદે શીરો બનાવવાની ના પાડી દીધી એટલે તેઓ થાળી બનાવવા અંદર ગયા. આનંદે આમ તેમ જોયું. પિતાજી ક્યાં ગયા હશે? પ્રશ્ન થયો. તેણે થાળી પીરસીને બહાર આવી રહેલી બાને પૂછ્યું, 'મારા પિતાજી ક્યાં ગયા?'(ક્રમશઃ) ■

# " શાંતુ..., સમાચાર આવ્યા છે કે, બા... બીમાર પડ્યા છે"



## રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

"હું તો હમણાં જ ઓફિસે જવા નીકળુ છું... ભાભી ! મને હવે ભૂખ તો છે જ નહીં, ધરાઇ ગયો છું. તમે તો આજે મને ખૂબ જ ખુશ કરી દીધો છે. આજનો દિવસ હું કયારેય નહીં ભૂલું... ભાભી !''

" તો પછી.... ઓફિસે જા તેનો વાંધો નહીં. પરંતુ જ્યારે વચ્ચે સમય મળે તો ઘરે આવીને જમી લેજે. આમ સાવ ભૂખ્યું રહેવું સારૂં નહીં, સમજ્યો ? હજી તો તારી અને મારી મંજલ ખૂબ જ.. .ઘણી દૂર દૂર છે...'' શાંતુએ સ્મિત કરતા કહ્યું.

મહેશ ઓફિસેથી સાંજના ઘર પર આવ્યો. આખા ઘરમાં કોઇ દેખાતું ન હતું એટલે પછી તે બેઠકખંડમાં સોફા પર બેઠો ત્યાં તો થોડીવારમાં જ શાંતુ ભાભી આવ્યા. તેને જોતાં જે મહેશે તેના મનમાં સતત ઘેરાતો રહેતો પ્રશ્ન ભાભીને કહ્યો : ''સાચે જ ભાભી, મારી જિંદગીમાં કોઇ છોકરીને મેં ચુંબન કર્યું હોય તો આજે અને એ પણ..., પરંતુ આપણા આવા કરતૂતની જાણ દામલને થશે તો..?''

''એવું શા માટે વિચારે છે. એવું કદી નહીં બને, દામલ મારો છે ને તેને સમજાવવો કે પટાવવો એ મારૂં કામ છે. તું આવી ચિંતા ન કર...'' શાંતુએ ભાર દઇ કહ્યું.

''ઠીક ભાભી, પરંતુ આવું બધું કરવાથી મને તો કંઇ થશે નહીં ને....?''

''જુવાન છોકરાને વળી થાય શું ? અને સાંભળ : તારા શરીરમાં સંઘરાયેલું મોઘામાં મોઘું કિંમતી તત્વ જેટલું બહાર નીકળે તે તો પાછું અંદર જ નવું ઉત્પન્ન થતું રહે છે. એટલે તારે જરાપણ મૂંઝાવાનું ન હોય....''

''તો તો સારૂં, મને તો એ જ ચિંતા હતી...''

આટલી વાત કરી મહેશ તેના રૂમ તરફ જવા ગયો કે તરત પાછો ઊભો રહ્યો અને બોલ્યો ''શુક્રવારે બપોર પછી હું વિસાવદર જવા માટે નીકળીશ, શનિ - રવિ ત્યાં રોકાઇને પછી સોમવારે હું પાછો અહી આવી જઇશ....'' આટલી વાત કરી મહેશ ચાલ્યો ગયો.

આમ નક્કી કર્યા પ્રમાણે મહેશ શુક્રવારના દિવસે બપોર પછી વિસાવદર જવા માટે નીકળી ગયો. હવે તો તે અમરવેલી સોમવારના દિવસે આવશે. ત્યાં સુધી... શાંતુ વિચાર કરવા લાગી.

એમ જ બે દિવસ પસાર થઇ ગયા. આજે રવિવાર હતો. મહેશ તો હતો નહીં એટલે સાંજનું જમવાનું થોડું વહેલું પુરૂ કરી... દામલ અને શાંતુ નવ વાગે તો બેડરૂમમાં પલંગ પર આડા થયા, વાતવરણ શાંત હતું. ત્યાં તો દામલે શાંતુનો હાથ પકડતાં કહ્યું : " શાંતુ..., સમાચાર આવ્યા છે કે, બા... બીમાર પડ્યા છે''

''કેમ... વળી બાને શું થયું ?'' શાંતુએ ઝડપથી પૂછયું.

''તાવ અને ઝાડા - ઉલટી.... એવું બધું....'' દામલે શાંતિથી જવાબ આપ્યો.

''તો પછી તારે બા પાસે એક આંટો તો મારવો જ જોઇએ. જો તું કહે તો હું પણ તારી સાથે આવું....''

''ના...., તારે ત્યાં આવવાની જરૂર નથી. અહી ઘર સાવ રેઢું ન રખાય. વળી મહેશ પણ નથી. મારે તો જવું જ પડશે. જો શાંતુ.... મંગળવારે જાહેર રજા છે. એટલે વિચારૂં છું કે, સોમવારે નોકરી કરી બપોરના ચાલ્યો જાઉં. બા પાસે થોડો સમય બેસું તો તેને પણ નિરાંત થાય. મંગળવાર આખો દિવસ તેમની સાથે રહું. પછી બુધવારે વહેલી સવારે અહી આવી જાઉં. રજા મૂકવાની કોઇ ઝંઝટ નહીં, બરાબરને ?'' દામલે વાત કરી. આવું સાંભળી શાંતુ બોલી : ''એમ જ કર, સોમવારે નોકરી પૂરી કરી બપોરના જે સાધન મળે તેમાં ચાલ્યા જવાનું, આમેય મોડું કરવા કરતાં તું વહેલો નીકળી જા એ વધારે સારૂં...''

આજે સોમવાર હતો. વહેલી સવારે દામલ નિયમિત સમયે શાળાએ ગયેલ. સ્કૂલ પૂરી થયે બપોરના એ ઘરે આવ્યો... ત્યાં સુધી શાંતુ તો ઘરમાં જ હતી. તેને પણ સ્કૂલે જવાનો સમય થઇ ગયો હતો. એટલે તો તેણે દામલને કહ્યું : ''તું નિરાંતે જમી લેજે, પછી કમળાપુર જવા નીકળજે. જો ને હવે મારે પણ ટાઈમ થઇ ગયો છે. હું સ્કૂલે જાઉં છું....''

''હા શાંતુ... તું જા, મારી કે બાની ચિંતા ન કરતી. હું મારી રીતે કમળાપુર જવા માટે નીકળી જઇશ. બે રાત બા પાસે બેસીશ એટલે તેમને શાંતિ થશે અને તબિયત પણ સુધરી જશે. જો બાને અહી આવવું હશે તો હું તેમને લેતો પણ આવીશ.'' દામલે વાત કરતા કહ્યું.


''ઠીક છે ખૂબ સારૂં, જો બા આવવા તૈયાર થાય તો લેતો જ આવજે. ભૂલ્યા વગર બાને જયશ્રી કૃષ્ણ કહેજે...'' આટલું બોલી શાંતુ સ્કૂલે જવા માટે ચાલી નીકળી.

(ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# અમૃતસર એરપોર્ટ પર ડ્રોન જોવા મળ્યા બાદ રાત્રે પાકિસ્તાનથી ફુગ્ગો ઉડીને આવ્યો

અમૃતસર,તા.૦૭



અમૃતસરમાં પોલીસે હાઈ એલર્ટ આપ્યું છે, ૫ ફેબ્રુઆરીની રાત્રે ૮.૪૦ વાગ્યે અમૃતસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડ્રોન જોવા મળ્યું હતું, જેના પછી એરપોર્ટને એક કલાક માટે બંધ કરીને સંપૂર્ણપણે સેનિટાઈઝ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત અમૃતસર પાસેના જંડિયાલા ગુરુક્ષેત્રમાં પાકિસ્તાનથી ફુગ્ગો ઊડતો ઊડતો આવ્યો હતો, જેમાં ઉર્દૂમાં લખેલું બેનર બાંધ્યું હતું. અમૃતસર એરપોર્ટ પર ડ્રોન દેખાતાં મલેશિયા એરલાઈનની શારજાહ-અમૃતસર ફ્લાઈટને પણ ઉતારવા દેવામાં આવી નહોતી અને એને ચંદીગઢ ડાઈવર્ટ કરવામાં આવી હતી. જેના પછી જિલ્લા મેજિસ્ટ્રેટે તરત જ જિલ્લામાં ડ્રોન સહિત ઊડતી તમામ વસ્તુઓ પર પ્રતિબંધ મૂક્યો છે.

એ જ રાત્રે પાકિસ્તાનથી એક ફુગ્ગો ઊડીને અમૃતસરના જંડિયાલા ગુરુક્ષેત્ર વિસ્તારના એક મકાનની છત પર પડ્યો હતો, જેમાં ઉર્દૂમાં લખેલું બેનર બાંધેલું હતું. તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ એલર્ટ મોડમાં છે. આ અંગે સિનિયર અધિકારીઓ પણ તપાસ રિપોર્ટ લઈ રહ્યા છે.

# રાજકોટમાં શિક્ષણમંત્રી રિવાબાએ જૂથબંધી વચ્ચે અંજલિબેન રૂપાણીને સ્ટેજ પર બોલાવી ચોંકાવ્યા

રાજકોટ, તા.૦૭



રાજકોટ શહેરના રાજકારણમાં જૂથબંધીની ચર્ચાઓ વચ્ચે શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ એક પ્રશંસનીય પહેલ કરી છે. રાજકોટમાં આયોજિત 'બજેટ મહિલા સંવાદ' કાર્યક્રમમાં રિવાબાએ પ્રોટોકોલને બાજુ પર રાખી સૌને આશ્ચર્યમાં મૂકી દીધા હતા. કાર્યક્રમ દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજય રૂપાણીના પત્ની અંજલિબેન રૂપાણી અન્ય મહિલા કાર્યકરો સાથે સ્ટેજની નીચે બેઠા હતા. કાર્યક્રમની શરૂઆત થતા જ રિવાબાની નજર તેમના પર પડી અને તેમણે તુરંત જ અંજલિબેનને આદરપૂર્વક સ્ટેજ પર આમંત્રિત કર્યા હતા. એટલું જ નહીં, રિવાબાએ તેમના હસ્તે જ દીપ પ્રાગટ્ય કરાવી કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. અંજલિબેનની સાથે પૂર્વ મહિલા મેયર બિનાબેન આચાર્ય અને રક્ષાબેન બોળિયાને પણ રિવાબાએ સ્ટેજ પર બોલાવ્યા હતા. રાજકોટ ભાજપમાં ચાલતી આંતરિક ખેંચતાણ વચ્ચે રિવાબાના આ આદરભાવે રાજકીય વર્તુળોમાં અનેક ચર્ચાઓ જગાડી છે અને ઉપસ્થિત લોકોમાં કુતૂહલ જોવા મળ્યું હતું.

## વૈભવ સૂર્યવંશીને ઉજ્જળ ભવિષ્ય માટે શુભકામના પાઠવતા સીએમ નિતિશકુમાર



(એચ.એસ.એલ),પટણા,તા.૭

ટીમ ઈન્ડિયાના ઓપનિંગ બેટ્સમેન અને બિહારના પુત્ર વૈભવ સૂર્યવંશીએ આઈસીસી અંડર-૧૯ વર્લ્ડ કપ ૨૦૨૬ની ફાઈનલમાં ઈતિહાસ રચ્યો છે. વૈભવ સૂર્યવંશીએ ઈંગ્લેન્ડ સામે માત્ર ૮૦ બોલમાં ૧૭૫ રન ફટકારીને ક્રિકેટ ચાહકોથી લઈને રાજકીય મહાનુભાવો સુધી બધાની પ્રશંસા મેળવી છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે પણ વૈભવ સૂર્યવંશીની પ્રશંસા કરી અને તેમના ઉજ્જ્વળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી હતી.

# નિયમ ૩૪૯ને લઈ લોકસભામાં રાહુલ ગાંધી અને સ્પીકર ઓમ બિરલા આમને-સામને

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૭



સોમવારે કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ એમ.એમ. નરવણે દ્વારા લખાયેલા એક અપ્રકાશિત પુસ્તકમાંથી ટાંકવાની પરવાનગી માંગી ત્યારે થયેલા વિવાદ બાદ આ પરિસ્થિતિ ઊભી થઈ. સ્પીકર ઓમ બિરલાએ આ વિનંતીને નકારી કાઢ્યા પછી, લોકસભા ચાર દિવસ માટે સ્થગિત રહી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કે રાહુલ ગાંધી બંને આ મહત્વપૂર્ણ ચર્ચામાં ભાગ લઈ શક્યા નહીં. રાહુલ ગાંધીને અટકાવતા સ્પીકર ઓમ બિરલાએ લોકસભા નિયમ ૩૪૯નો ઉલ્લેખ કર્યો, જેમાં જણાવાયું છે કે, કોઈપણ સભ્ય ગૃહની બેઠક દરમિયાન ગૃહના કામકાજ સાથે સંબંધિત ન હોય તેવું કોઈ પુસ્તક, અખબાર અથવા પત્ર વાંચશે નહીં." વધુમાં, સ્પીકરે નિયમ ૩૫૩ પણ વાંચ્યો, જેમાં જણાવાયું છે કે કોઈ વ્યક્તિ સામે આરોપ લગાવતા પહેલા પૂરતી માહિતી અને નોટિસ આપવાની જરૂર છે. સ્પીકરે કહ્યું કે અપ્રકાશિત પુસ્તકમાંથી સામગ્રી વાંચવી અયોગ્ય છે, કારણ કે તેને અધિકૃત ગણી શકાય નહીં.

## દેશના હવામાનમાં મોટો ફેરફાર થતા ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં બરફવર્ષા, તીવ્ર પવનોની આગાહી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૭

આગામી ૨૪ કલાકમાં દેશમાં હવામાનમાં મોટો ફેરફાર થવાની અપેક્ષા છે. ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં વરસાદ, બરફવર્ષા, ધુમ્મસ અને તીવ્ર પવનોનો અનુભવ થવાની અપેક્ષા છે. હવામાન વિભાગ અનુસાર, હાલમાં દેશમાં બે પશ્ચિમી વિક્ષેપો સક્રિય છે. આ કારણે, જમ્મુ અને કાશ્મીરમાં વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. આગામી બે દિવસ સુધી આ પ્રદેશમાં હવામાન ખરાબ રહેવાની સંભાવના છે. ૯ થી ૧૧ ફેબ્રુઆરી દરમિયાન વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી બે થી ત્રણ દિવસમાં ઉત્તર પશ્ચિમ ભારતમાં ૨૦ થી ૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. આનાથી ઘણા વિસ્તારોમાં ઠંડી વધવાની સંભાવના છે. હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તર પ્રદેશ, ઉત્તર રાજસ્થાન, ઉત્તર મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં લઘુત્તમ તાપમાન ૫-૧૦ સે.ની વચ્ચે નોંધાઈ રહ્યું છે.

# શ્રીલંકાના હસ્તક્ષેપ પછી, પીસીબી ભારત સામે રમવા અંગે સરકારની ફરી સલાહ લેશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૭

ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ શરૂ થઈ ગયો છે. જો કે, ક્રિકેટના સૌથી ટૂંકા ફોર્મેટમાં સૌથી મોટી ટુર્નામેન્ટ પહેલા, ચર્ચા ખેલાડીઓ કે રમત પર નહીં, પરંતુ મેદાનની બહારની પ્રવૃત્તિઓ પર કેન્દ્રિત છે. કદાચ પહેલાં ક્યારેય રાજકારણનો વર્લ્ડ કપ પર આટલો પ્રભાવ પડ્યો નથી. સુરક્ષા ચિંતાઓને ટાંકીને ભારતમાં રમવાનો ઈનકાર કર્યા પછી બાંગ્લાદેશ ટુર્નામેન્ટમાંથી ખસી ગયું. દરમિયાન, પાકિસ્તાને તેના પાડોશીના સમર્થનમાં, ભારત સામે રમવાનો ઈનકાર કર્યો.

આ અંગે ઘણો હોબાળો થયો હતો, પરંતુ હવે એક મોટું અપડેટ સામે આવ્યું છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ ફરી એકવાર આ મેચ અંગે તેની સરકાર સાથે સલાહ લેવાની તૈયારી કરી રહ્યું છે. હકીકતમાં, શ્રીલંકા ક્રિકેટે પાકિસ્તાનને તેના નિર્ણય પર પુનર્વિચાર કરવા વિનંતી કરતો ઈમેઈલ મોકલ્યો હતો, કારણ કે આ મેચ રદ કરવાથી ટુર્નામેન્ટની છબી અને આવક બંને પર અસર પડશે. પાકિસ્તાની સરકારે ટીમને ટી ૨૦ વર્લ્ડ કપમાં રમવાની મંજૂરી આપી છે, પરંતુ ભારત સામે રમવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ મેચ આઈસીસી અને બ્રોડકાસ્ટર્સ માટે સૌથી મોટું આકર્ષણ માનવામાં આવે છે, જે યજમાન માટે આર્થિક રીતે મહત્વપૂર્ણ બનાવે છે.

અહેવાલ મુજબ શ્રીલંકા બોર્ડના પ્રમુખ શમ્મી સિલ્વાએ પીસીબી ચેરમેન મોહસીન નકવી સાથે વ્યક્તિગત રીતે વાત કરી હતી.

# ગીરગઢડાના ઉમેદપરા ગામ નજીક પાઈપ ભરેલા ટ્રકે પલટી મારી

ઉના,તા.૦૭



તસવીર : કૈલાશ ભટ્ટ

ગીરગઢડા તાલુકાના ઉમેદપરા ગામ નજીક રૂપેણ નદીના પુલ પર પાઈપ ભરેલા એક ટ્રકે પલટી મારી હતી. આ ઘટનામાં ટ્રકમાં ભરેલા પાઈપ રોડ પર વેરવિખેર થઈ ગયા હતા. અકસ્માત સમયે રાત્રી પેટ્રોલિંગમાં રહેલા ગીરગઢડા પોલીસના જગદીશ સોસા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે રાજસ્થાનના ટ્રક ચાલક સુરેશચંદ્ર કૈલાશચંદ્ર જાટને ઈજાગ્રસ્ત હાલતમાં ટ્રકમાંથી બહાર કાઢ્યો હતો. ઈજાગ્રસ્ત ચાલકને તાત્કાલિક ગીરગઢડા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. તબીબોએ જણાવ્યું કે તેમને માથાના ભાગે ઈજા પહોંચી હતી, પરંતુ પ્રાથમિક સારવાર બાદ તેમને ભયમુક્ત જાહેર કરાયો છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ ટ્રક ગાંધીધામથી કોદિયા તરફ જઈ રહ્યો હતો ત્યારે અકસ્માત સર્જાયો હતો. ટ્રક પલટી મારવાને કારણે પુલને પણ નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. હાલ ગીરગઢડા પોલીસે આ સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલ શહેરમાં પદ્મવિભૂષણ જગદગુરુ રામભદ્રાચાર્યજીની રામકથા યોજાઈ

ગોંડલ,તા.૦૭

ગોંડલમાં પદ્મવિભૂષણ જગદગુરુ રામભદ્રાચાર્યજી મહારાજની રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. કથાના છઠ્ઠા દિવસના મુખ્ય મનોરથી મનીષભાઈ કાલરીયા અને તેમના પત્નીની લગ્નની ૩૧મી વર્ષગાંઠ નિમિત્તે જગદગુરુએ મંચ પરથી વિશેષ આશીર્વાદ પાઠવ્યા હતા. જીતુભાઈ વાઘાણી, રિવાબા જાડેજા, જીજ્ઞેશદાદા (રાધે રાધે) સહિતના હાજર રહ્યા હતા.


**નામ બદલાવેલ છે**

આથી સોંગદપૂર્વક જણાવુ છું કે મારુ જૂનું નામ **વાડદોરીયા મુક્તાબેન લાલજી** હતુ જે તેમાંથી બદલાવી નવું નામ **વાડદોરીયા મુક્તાબેન લાલજીભાઈ** રાખેલ છે. હવેથી હું **વાડદોરીયા મુક્તાબેન લાલજીભાઈ** નામથી ઓળખાઈશ તેની સર્વે એ નોંધ લેવી.

**વાડદોરીયા મુક્તાબેન લાલજીભાઈ**
મુ. કરજાળા, તા.સાવરકુંડલા,
જી.અમરેલી-૩૬૪૫૧૫


# સુરત ખાતે સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા ૧૪૫મો 'વિચારોનું વાવેતર' કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૦૭




સુરતના જમનાબા વિદ્યાર્થી ભવન ખાતે સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા 'વિચારોનું વાવેતર' શ્રેણીના ૧૪૫મા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય વક્તા કાનજીભાઈએ 'હેલ્થ, વેલ્થ અને હેપ્પીનેસ' પર ભાર મૂકતા જણાવ્યું કે, જીવનમાં જીત હંમેશા મહેનત અને મૂલ્યોની થાય છે. તેમણે સુખી જીવન માટે પાંચ સૂત્રો આપ્યાઃ સખત મહેનત, ઊંચા ધ્યેય, સ્વ-પ્રેમ, પરિવાર પ્રત્યે લગાવ અને કરુણા. મહિલા ઉદ્યોગ સાહસિક અને 'મહિલા પ્રોગ્રેસ એલાઈન્સ'ના ફાઉન્ડર હિમાની ભુવાનું 'સમાજ ગૌરવ સન્માન' કરવામાં આવ્યું. તેમણે નવી પેઢીને સત્ય, પ્રામાણિકતા અને સમસ્યાને બદલે ઉકેલ પર ધ્યાન આપવા શીખ આપી હતી. સ્વ. ભનુભાઈ ધાનાણીની સ્મૃતિમાં ધાનાણી પરિવાર દ્વારા વિદ્યાર્થી ભવનમાં રૂમનું દાન આપવામાં આવ્યું. આ સાથે સ્ટેટ ટેક્સ ઈન્સ્પેક્ટર તરીકે પસંદ થયેલા પ્રદીપ કાપડિયાનું પણ સન્માન કરાયું હતું. સુરતમાં વધતા સ્ટ્રેસ અને આત્મહત્યાના કિસ્સા સામે શહેરને 'હેપ્પી અને હેલ્ધી સિટી' બનાવવા માટે સમાજને જાગૃત થવા આહ્વાન કરવામાં આવ્યું હતું.

**સુરતમાં વધતા સ્ટ્રેસ અને આત્મહત્યાના કિસ્સા સામે શહેરને 'હેપ્પી અને હેલ્ધી સિટી' બનાવવા માટે સમાજને જાગૃત થવા આહ્વાન**


**મામલતદાર અને તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૧૬૨/૨૫ — તા.૦૬/૦૨/૨૦૨૬

**વિવાદી :-** **શ્રી હરેશભાઈ ઠાકરશીભાઈ પાથર,**
**રહે.લોનકોટડા, તા. બાબરા, જિ.અમરેલી.**
મો. ૯૭૨૭૯ ૮૭૯૭૮

**- //વિરૂધ્ધ// -**

**પ્રતિવિવાદી :-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-ત.ક.મ.શ્રી લોનકોટડા, લોનકોટડા ગ્રામ પંચાયત, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના લોનકોટડા ગામના રહીશ આ કામના અરજદારના માતાશ્રી કમુબેન ઠાકરશીભાઈ પાથરનું મરણ તા.૨૪/૦૨/૧૯૯૯ ના રોજ મોજે. લોનકોટડા, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૬/૦૨/૨૦૨૬ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૧૨/૦૨/૨૦૨૬ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી**
**તાલુકા એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર બાબરા**



**//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૫૩/૨૦૨૬

અરજદાર :- શ્રી રામદાસ ભીમદાસભાઈ વસંતસ્વામી
રહે.વાંકીયા, તા.જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.વાંકીયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના વાંકીયા ગામમાં અરજદાર શ્રી રામદાસ ભીમદાસભાઈ વસંતસ્વામી તેઓના પુત્રી ભાવનાબેન રામદાસ વસંતસ્વામીની જન્મ (તા.૦૫/૧૨/૧૯૯૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૪/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**



**//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૫૨/૨૦૨૬

અરજદાર :- શ્રી કાંતિલાલ નનુભાઈ કથીરિયા
રહે.મોટા ગોખરવાળા, તા.જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.મોટા ગોખરવાળા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા ગોખરવાળા ગામમાં અરજદાર શ્રી કાંતિલાલ નનુભાઈ કથીરિયા તેઓના પુત્રી દક્ષાબેન કાંતિલાલ કથીરિયાની જન્મ (તા.૦૧/૦૬/૧૯૮૪) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૪/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**



**-//મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/ અરજી નં.૧૩૦/૨૦૨૫

અરજદારશ્રી:- જયસુખભાઈ સવજીભાઈ દેલવાણીયા,
રે.મીતીયાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧.તકમશ્રી મીતીયાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના મોટાભાઈ ભગવાનભાઈ સવજીભાઈ દેલવાણીયાનું મરણ તા.૦૯/૧૦/૧૯૯૩ ના રોજ મુ.મીતીયાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૯/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# અંબાજી ખાતે રૂ.૯૫૦ કરોડના ‘શ્રી શક્તિ કોરિડોર’ પ્રોજેક્ટનું સીએમ ભૂપેન્દ્ર પટેલના હસ્તે ખાતમુહૂર્ત

અંબાજી,તા.૦૭


યાત્રાધામ અંબાજીના ઈતિહાસમાં ૭ ફેબ્રુઆરીએ એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠાના અંબાજી ખાતે રૂ.૯૫૦ કરોડના ‘શ્રી શક્તિ કોરિડોર’ પ્રોજેક્ટના પ્રથમ તબક્કાનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ સાથે જ અંબાજીના પ્રવેશદ્વાર સમા ત્રિશુળીયા ઘાટ પર ૧૬ ફૂટ ઊંચા દિવ્ય ‘‘અખંડ શક્તિ ત્રિશૂળ’’નું ભવ્ય અનાવરણ કરવામાં આવ્યું હતું.



હિમાલયની ૧૫૦૦ વર્ષ જૂની પૌરાણિક ઉર્જા હવે ગુજરાતની ધરા પર અવતરી છે. ઉત્તરકાશીમાં સ્થિત પૌરાણિક શક્તિ ત્રિશૂળની આ પ્રથમ પ્રતિકૃતિ છે. આ એ જ ત્રિશૂળની પ્રતિકૃતિ છે જેનાથી માતા દુર્ગાએ મહિષાસુરનો સંહાર કર્યો હતો. આધ્યાત્મિક મર્યાદા જાળવવા તેની ઊંચાઈ ૧૬ ફૂટ રાખવામાં આવી છે. અગાઉ અકસ્માતપ્રવણ ગણાતો ત્રિશુળીયા ઘાટ હવે ‘રોલર ક્રેશ બેરિયર’ ટેકનોલોજીથી સુરક્ષિત બન્યો છે, જ્યાં હવે આ ત્રિશૂળ સ્થાપિત થતા તે ‘સુરક્ષા અને સંસ્કૃતિ’નું કેન્દ્ર બનશે. અહીં ઓડિયો-વિઝ્યુઅલ ફિલ્મના માધ્યમથી મહિષાસુર મર્દિનીની કથા પણ શ્રદ્ધાળુઓને બતાવવામાં આવશે.

# બગદાણાના સેવક પર હુમલાના કેસમાં જેલમાં બંધ જયરાજને જામીન મળ્યા

**જેલની બહાર નીકળતી વખતે જયરાજના હાથમાં ગીતા જોવા મળી**




મહુવા,તા.૦૭

બગદાણાના કોળી યુવાન નવનીત બાલધિયા પર થયેલા હુમલા કેસમાં માયાભાઈ આહીરના પુત્ર જયરાજ સહિત ૬ આરોપીના શરતી જામીન મંજૂર થયા છે. જયરાજ આહીરની આજે ૧૪ દિવસ બાદ જેલમુક્તિ થઈ હતી. જયરાજ જ્યારે જેલની બહાર આવ્યો ત્યારે તેના હાથમાં ભગવદ્ ગીતા જોવા મળી હતી. કારમાં બેસી રવાના થતા સમયે પણ જયરાજે ભગવદ્ ગીતા બતાવી હતી. જેલમાંથી બહાર આવી એક યુવક સાથે હાથ મિલાવતો જોવા મળ્યો હતો. બાલધિયા હુમલા કેસમાં જયરાજ આહીર, નાજુ કામળિયા, કાના ભીખાભાઈ કામળિયા, સંજય બેચરભાઈ ચાવડા, દિનેશ ઉર્ફે દાદુ લોમાભાઈ સોલંકી અને અજય ઉર્ફે મોટો મનજીભાઈ ભાલીયાની ગઈકાલે મહુવા કોર્ટમાં તેના વકીલ મારફત જેલમુક્ત થવા જામીન અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. બન્ને પક્ષોના વકીલો દ્વારા લાંબી દલીલો કરવામાં આવી હતી, જેમાં આજે કોર્ટે આરોપીઓના જામીન મંજૂર કર્યા હતા.

# અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં ફરી મારામારી થતા NSUIએ કરી તાળાબંધી

અમદાવાદ,તા.૭

અમદાવાદના ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલ ફરી એકવાર ગંભીર વિવાદમાં ફસાઈ છે. ધોરણ ૭ના એક વિદ્યાર્થી પર ત્રણ સહવિદ્યાર્થીઓ દ્વારા બ્લેડથી હુમલો કરવામાં આવ્યો હોવાના મામલે એનએસયુઆઈએ શાળા અને સરકાર સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. આ વિરોધના ભાગરૂપે એનએસયુઆઈએ શુક્રવારે મોડી રાતે સ્કૂલના તમામ ગેટ પર તાળા મારી દીધા હતા. પોલીસ ફરિયાદ મુજબ, ધોરણ ૭માં અભ્યાસ કરતો એક વિદ્યાર્થી ક્લાસનો મોનિટર હતો. સ્કૂલ છૂટતી વખતે તેણે અન્ય વિદ્યાર્થીઓને લાઈનમાં ઊભા રહેવા કહ્યું હતું, જેને લઈને ત્રણ વિદ્યાર્થીઓએ તેની સાથે ઝઘડો કર્યો હતો. તે સમયે ત્રણેયએ મોનિટરને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ ઘટનાના બીજા દિવસે સ્કૂલ દરમિયાન, મોનિટર વોશરૂમ તરફ જઈ રહ્યો હતો ત્યારે ત્રણેય વિદ્યાર્થીઓ તેની પાછળ ગયા અને કોલર પકડીને એક વિદ્યાર્થીએ બ્લેડ વડે મોનિટરના શર્ટના બટન કાપી નાખ્યા હતા.

# ગાંધીધામમાં બેફામ કાર ચાલકે ચાર લોકોને અડફેટે લીધા, બેના ઘટનાસ્થળે મોત

ભુજ,તા.૭

કચ્છ જિલ્લાના ગાંધીધામમાં ગત મોડી રાત્રે એક કાળજું કંપાવી દેનારી અકસ્માતની ઘટના સામે આવી છે. શહેરના ધમધમતા ટાગોર રોડ પર નબીરાઓએ કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવી બેફામ ગતિએ કાર ચલાવી ચાર નિર્દોષ લોકોને અડફેટે લીધા હતા. આ ભયાનક અકસ્માતમાં બે લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત



નિપજ્યા હોવાની તથા બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાની વિગતો સામે આવી છે. સાથે જ અકસ્માત સ્થળના કાળજું કંપાવતા દ્રશ્યો સામે આવતા પોલીસે પણ સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

આ ભયાનક અકસ્માતની ઘટનાની મળતી વિગતો અનુસાર, કચ્છના ગાંધીધામ શહેરમાં ટાગોર રોડ પર ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ મોડી રાત્રે ફોરવ્હીલ કાર ચાલકે આતંક મચાવ્યો હતો. પૂરઝડપે જઈ રહેલી આ કારના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને માર્ગ પરથી પસાર થઈ રહેલા અનેક વાહનોને અડફેટે લીધા હતા. ત્યારે આ ભયાનક અકસ્માતથી મોડી રાતે ગાંધીધામનો ટાગોર રોડ રક્તરંજીત થઈ ગયો હતો.

# સાંચોર-થરાદ હાઈવે પર બાઈકને પાછળથી કારે ટક્કર મારતા બેના મોત

થરાદ,તા.૦૭

બનાસકાંઠાના વાવ-થરાદ પંથકમાં માર્ગ અકસ્માતોનો સિલસિલો થંભવાનું નામ નથી લઈ રહ્યો. શનિવારે સાંચોર-થરાદ હાઈવે પરના સર્વિસ રોડ પર વધુ એક લોહીયાળ અકસ્માત સર્જાયો હતો. એક બેફામ ગતિએ આવતા કાર ચાલકે બાઈકને પાછળથી એવી જોરદાર ટક્કર મારી કે ક્ષણભરમાં બે જીંદગીઓ હોમાઈ ગઈ હતી. ઘટનાની કરુણતા એ છે કે, પીલૂડા ગામના ત્રણ યુવાનો એક જ બાઈક પર સવાર થઈને માતાજીના એક ધાર્મિક પ્રસંગમાં હાજરી આપવા માટે જઈ રહ્યા હતા. યુવાનોના મનમાં શ્રદ્ધા અને ઉત્સાહ હતો, પરંતુ કોને ખબર હતી કે રસ્તામાં ‘કાળ’ તેમની રાહ જોઈને બેઠો છે. સાંચોર-થરાદ હાઈવેના સર્વિસ રોડ પર પાછળથી પૂરપાટ ઝડપે આવતા એક કાર ચાલકે બાઈકને અડફેટે લીધું હતું. ટક્કર એટલી ભયાનક હતી કે ત્રણેય યુવાનો હવામાં ફંગોળાઈને દૂર રોડ પર પટકાયા હતા.

# જામનગર SOGએ પંજાબથી આવેલા ૪ શખ્સોને રૂા.૮૩.૬૦ લાખના હેરોઈન સાથે ઝડપી પાડ્યા

જામનગર,તા.૭

જામનગર જિલ્લાના મોટી ખાવડી વિસ્તારમાં એસઓજીએ એક મોટા ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પોલીસે પંજાબથી આવેલા ૪ શખ્સોને રૂ. ૮૩.૬૦ લાખની કિંમતના હેરોઈન સાથે રંગેહાથ ઝડપી પાડ્યા છે. એસઓજીની ટીમ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન મળેલી સચોટ બાતમીના આધારે,




પોલીસે મોટી ખાવડી ગામે આવેલી હોટલ ૬૬૬ના રૂમ નંબર ૨૦૨ માં દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન રૂમમાં હાજર ૪ શખ્સો પાસેથી નશીલા પદાર્થનો જથ્થો મળી આવ્યો હતો. એસઓજી સ્ટાફે પંજાબના વતની એવા ચાર આરોપીઓની ધરપકડ કરી તેમની પાસેથી અંદાજે રૂ. ૮૩.૬૦ લાખની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત ધરાવતું ૪૧૮ ગ્રામ હેરોઈન જપ્ત કર્યું છે. આ સફળ ઓપરેશન દરમિયાન પોલીસે ડ્રગ્સની સાથે ૭ મોબાઈલ ફોન, રોકડ રકમ અને ડિજિટલ વજન કાંટો મળીને કુલ રૂ. ૮૪,૧૪,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. હાલમાં આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં વ્યાજખોરોના ત્રાસથી રિક્ષા ચાલકે ઝેરી દવા ગટગટાવી લેતા મોત

રાજકોટ,તા.૦૭

રાજકોટ શહેરમાં વ્યાજખોરોના ત્રાસની ઘટનાઓ યથાવત સામે આવી રહી છે. આવી જ એક ચોંકાવનારી ઘટનામાં કેવડાવાડી વિસ્તારમાં રહેતા અને રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા એક યુવાને વ્યાજખોરોના ત્રાસથી કંટાળી આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. મૃતકની ઓળખ અમિતભાઈ અરવિંદભાઈ તન્ના (ઉંમર ૪૦



વર્ષ) તરીકે થઈ છે. અમિતભાઈએ વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ઝેરી દવા પી લીધી હતી, જેને પગલે તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, ફરજ પરના ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં ભક્તિનગર પોલીસે સ્થળ પર પહોંચીને તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન મૃતક પાસેથી એક સુસાઈડ નોટ મળી આવી હતી, જેમાં વ્યાજખોર જયદીપ દિનેશભાઈ મૈયડ અને પ્રવિણભાઈ સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. સુસાઈડ નોટમાં વ્યાજખોરોના ત્રાસ અને માનસિક દબાણનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે.

# અમદાવાદમાં લગ્ન પ્રસંગમાં ધારાસભ્ય સી.જે. ચાવડા અને કોંગ્રેસના નેતા નીશિત વ્યાસ વચ્ચે શાબ્દિક ટપાટપી

અમદાવાદ,તા.૦૭

અમદાવાદમાં એક લગ્ન પ્રસંગમાં હાજરી દરમિયાન ભાજપના ધારાસભ્ય સી.જે. ચાવડાને કડવો અનુભવ થયો હતો.

એક લગ્ન પ્રસંગમાં રાજકીય નેતાઓનો જમાવડો થયો હતો. તેમાં ભાજપ અને કોંગ્રેસ બંનેના નેતાઓની હાજરી હતી. તો કેટલાક એવા પણ હતા, જેઓએ પક્ષપલટો કરીને કોંગ્રેસમાંથી ભાજપની વાટ પકડી હતી. આવામાં કોંગ્રેસના આગેવાન નીતિન વ્યાસે જાહેરમાં વિજાપુરના ભાજપના ધારાસભ્ય સી.જે ચાવડાને ટોણો માર્યો હતો કે, કોંગ્રેસ છોડીને ભાજપમાં તો ગયા, પરંતુ ભાજપમાં જનારા નેતાઓ સાવ નવરાધૂપ જ છે, તેમને મંત્રી બનાવાયા નથી, મંત્રીમંડળમાં સ્થાન ન મળ્યું એટલે આ નેતાઓ પાસે સમય જ સમય છે.

આ સાંભળીને સી.જે. ચાવડાએ નીશિત વ્યાસને વળતો જવાબ આપતા કહ્યું કે, તમારા જેવા નેતાઓના ત્રાસને કારણે જ કોંગ્રેસ પક્ષ છોડ્યો હતો. આ ટોણા બાબતે થોડા સમય માટે બંને નેતાઓ વચ્ચે શાબ્દિક ટપાટપી થઈ હતી.

# પ્રાંતિજ પંથકમાં ઝેરી કેમિકલ, યુરિયા ખાતર ભેળવી નકલી દૂધ બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ

પ્રાંતિજ,તા.૦૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ ગામની સીમમાં આવેલી ‘સત્યા ડેરી પ્રોડક્ટ્સ’ નામની ફેક્ટરીમાં ઝેરી કેમિકલ, યુરિયા ખાતર અને અન્ય હાનિકારક પદાર્થો ભેળવી નકલી દૂધ બનાવાતું હોવાનો પોલીસ અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે પર્દાફાશ કર્યો છે. દરોડા દરમિયાન ફેક્ટરીને સીલ કરી દેવાઈ છે અને રૂ. ૭૧.૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. એલસીબીને મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસ, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ તથા એફએસએલ અધિકારીઓની ટીમે પ્રાંતિજના સલાલ ગામમાં આવેલી આ ફેક્ટરી પર દરોડા પાડ્યા હતા. તપાસ દરમિયાન ખુલ્યું કે ફેક્ટરીમાં દૂધ બનાવવા માટે યુરિયા ખાતર, કોસ્ટિક સોડા, વિવિધ પ્રકારના તેલ, ડિટર્જન્ટ પાવડર અને કેમિકલનો ઉપયોગ થતો હતો. આ દૂધ અને છાશ બજારમાં વેચીને લોકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ખેલ ખેલવામાં આવી રહ્યો હતો.

# રાજકોટમાં ‘નથુરામ ગોડસે’ના નાટકને લઈ કોંગ્રેસનો વિરોધ

રાજકોટ,તા.૦૭

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ જે શહેરમાં રહ્યા અને અભ્યાસ કર્યો તે રાજકોટમાં જ ‘હું નથુરામ ગોડસે’ નાટકના શોનું આયોજન કરાતા વિવાદ થયો છે. આજે રાત્રે હેમુ ગઢવી હોલમાં નાટકનો શો આયોજીત કરાતા કોંગ્રેસે વિરોધ કર્યો છે. આ નાટકના માધ્યમથી ગાંધીજીના હત્યારાને હીરો બનાવવાનો પ્રયાસ કરાતો હોવાનો આક્ષેપ કરાયો છે. સાથે સવાલ પણ કર્યો છે કે, શું સરકાર આ પ્રકારના નાટકને મંજૂરી આપી રહી છે? મહત્વનું છે કે, રાજકોટના શો બાદ આજે જામનગરના ટાઉનહોલમાં પણ આ નાટકના શોનું આયોજન કરવામાં આવ્યું છે.







